

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



Year-16, Issue-25 ■ DATE : 07-05-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI





# ઇઝરાયલી સ્ટાઇલમાં ભારતની પાકિસ્તાન પર એરસ્ટ્રાઇકઃ ૧૦૦થી વધુ આતંકીઓનો ખાતમો



















## પહેલગામ આતંકી હુમલાનો ભારતે લીધો બદલોઃ ૧૯૭૧ બાદની પાક. પર સૌથી મોટી લશ્કરી કાર્યવાહીઃ મધરાત બાદ ૧:૨૮ કલાકે પાક કબ્જાના કાશ્મીર તેમજ પંજાબ પ્રાંત પર સેનાનું ઓપરેશન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આખરે ભારતે પાકિસ્તાનના આતંકવાદી સંગઠનો સામે વળતો પ્રહાર કર્યો. ભારતીય વાયુસેનાએ મંગળવારે રાત્રે ૧૦૫ વાગ્યે પાકિસ્તાન અને એટલે કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં હવાઈ હુમલો કર્યો.

આ હુમલામાં ૯ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા છે. આમાં ૧૦૦થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે. જેમાં લશ્કર-એ-તૈયબાના હાઈ વેલ્યુ ટાર્ગેટ (HVT) હાફિઝ અબ્દુલ મલિકનો સમાવેશ થાય છે. મલિક મુરિદકે સ્થિત મરકઝ તૈયબા હવાઈ હુમલામાં માર્યો ગયો હતો.

બીબીસી ઉર્દૂના અહેવાલ મુજબ, જૈશ-એ-મોહમ્મદના વડા મૌલાના મસૂદ અઝહરે કહ્યું છે કે, સુભાન અલ્લાહ મસ્જિદ પર થયેલા હુમલામાં તેના પરિવારના ૧૦ સભ્યો અને ચાર નજીકના સાથીઓ માર્યા ગયા હતા.

ભારત દ્વારા આ બદલો લેવાની કાર્યવાહી પહેલગામ હુમલાના ૧૫ દિવસ પછી કરવામાં આવી હતી અને તેને 'ઓપરેશન સિંદૂર' નામ આપવામાં આવ્યું હતું. આ નામ એ મહિલાઓને સમર્પિત છે જેમના પતિઓ ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા માર્યા ગયા હતા.

દરમિયાન, પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે કહ્યું કે, પાકિસ્તાન પોતાનો બચાવ કરી શકે છે. પણ જો ભારત અટકશે, તો અમે પણ અટકી જઈશું.

પાકિસ્તાનના ઈન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ (ISPR)ના ડિરેક્ટર લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ જણાવ્યું હતું કે ભારતે ૨૪ મિસાઈલો છોડી હતી. સમાચાર એજન્સી એ સૂત્રોના હવાલાથી જણાવ્યું છે કે પીએમ મોદી આખી રાત ઓપરેશન સિંદૂર પર નજર રાખતા રહ્યા.

સેનાએ એક પ્રેસ કોન્ફરન્સ યોજી. આમાં વિદેશ સચિવ વિક્રમ મિસરી અને સેનાના કર્નલ સોફિયા કુરૈશી અને વાયુસેનાના વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે ઓપરેશન વિશે માહિતી આપી હતી. સૌ પ્રથમ, હવાઈ હુમલાનો ૨ મિનિટનો વીડિયો ચલાવવામાં આવ્યો. આમાં આતંકવાદીઓના ઠેકાણાઓ પર ભારતીય સેનાની કાર્યવાહી બતાવવ-ામાં આવી હતી.

કર્નલ સોફિયા કુરૈશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે જણાવ્યું હતું કે, આ ઓપરેશન રાત્રે ૧૦૫ થી ૧૩૦ વાગ્યાની વચ્ચે થયું હતું. પાકિસ્તાન અને પીઓકેમાં ૯ ટાર્ગેટ ઓળખવામાં આવ્યા હતા. અમે તેમનો નાશ કર્યો. લોન્ચપેડ અને તાલીમ કેન્દ્રોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

ભારતીય સેનાએ કહ્યું કે પાકિસ્તાની લશ્કરી ઠેકાણાને નિશાન બનાવવામાં આવ્યો ન હતો. આતંકવાદીઓના ઠેકાણાને નિશાન બનાવવામાં આવ્યું છે. બીજી તરફ, સૂત્રોએ સમાચાર એજન્સી ANIને જણાવ્યું હતું કે આ એક સંયુક્ત લશ્કરી કાર્યવાહી હતી, જેમાં ભાર-તીય સેના અને વાયુસેનાએ સંયુક્ત રીતે પ્રિસિઝન સ્ટ્રાઈક હથિયારોનો ઉપયોગ કર્યો હતો.

સમાચાર એજન્સી ANIએ સૂત્રોના હવાલાથી જણાવ્યું છે કે ભારતીય સેનાએ પહેલગામ આતંકવાદી હુમલા માટે જૈશ-એ-મોહમ્મદ અને લશ્કરના ઠેકાણાઓને નિશાન બનાવવાના હેતુથી લક્ષ્યો પસંદ કર્યા હતા.

ભારતીય સેનાએ કહ્યું કે આ હુમલામાં ફક્ત આતંકવાદીઓના ઠેકાણાઓ પર જ હુમલો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનના કોઈ લશ્કરી સ્થાન પર હુમલો થયો ન હતો. સમાચાર એજન્સી ANIએ સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે જૈશ-એ-મોહમ્મદ અને લશ્કરના ઠેકાણાઓને લક્ષ્ય તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે કહ્યું કે પાકિસ્તાન પોતાનો બચાવ કરી શકે છે. પણ જો ભારત અટકશે, તો અમે પણ અટકી જઈશું. જો ભારત પાછળ હટવા તૈયાર હશે તો અમે પણ કોઈ કાર્યવાહી કરીશું નહીં. પાકિસ્તાન, પોતાના તરફથી શાંતિનો પ્રસ્તાવ મૂકી રહ્યું છે અને તણાવને વધતો અટકાવી રહ્યું છે.

૧૯૭૧ના ભારત-પાક વચ્ચેના પુર્ણ યુદ્ધ બાદનો આ સૌથી મોટો હુમલો ગણવામાં આવે છે જેમાં મુખ્યત્વે જૈશ એ મોહમ્મદ, લશ્કરે તોઈબા અને હીઝબુલ મુજાહીદીનના નવ મથકોને નિશાન બનાવાયા હતા.

લાંબી તૈયારી બાદ ગઈકાલે મધરાત બાદ સેનાના વોર રૂમના મોનેટરીંગ હેઠળ સેનાની ત્રણેય પાંખોએ સંયુક્ત રીતે કાર્યવાહી કરી હતી. ઓપરેશન સિંદુરમાં હવાઈદળ, ભૂમિદળ અને નૌકાદળ ત્રણેયએ સંયુક્ત રીતે ભાગ લીધો હતો અને પુરા હુમલામાં અચૂક નિશાન પાર પાડતી વેપન સીસ્ટમ- પ્રિસીશન સ્ટ્રાઈક વેપન્સનો ઉપયોગ થયો અને આ હુમલા લોયટરીંગ મ્યુનિશેન એટલે કે ઘાતક ડ્રોનનો પણ ઉપયોગ થયો હતો.

ભૂમીદળના એડીશ્નલ ડાયરેકટર જનરલ ઓફ પબ્લીક ઈન્ફર્મેશનના એકસ હેન્ડલ પર આપવામાં આવેલી માહિતી મુજબ રાત્રીના ૧.૨૮ કલાકના હુમલો થયો હતો. ૬૪ સેકન્ડના આ વિડીયોમાં પ્રહારામ સન્નીહિતા જયાય પ્રશિક્ષિતા એટલે કે હુમલા માટે તૈયાર અને જીત માટે તાલીમબદ્ધ છીએ.

જેમાં ઓપરેશન સિંદુરના કેપ્શન સાથે લખાયુ કે ઈન્સાફ પુરો થયો! આ હુમલામાં ભારતીય હવાઈદળના ભારતે બે વર્ષ પુર્વે ફ્રાન્સ પાસેથી ખરીદેલા રાફેલ જેટ વિમાનો પ્રથમ વખત આ પ્રકારના ઓપરેશનમાં સામેલ થયા હતા. ત્રણ ભારતીય રાફેલ જેટ જે સ્કેલ્પ રુઝ મિસાઈલ અને હામેર પ્રેસીયસ ગાઈડેડ બોમ્બથી આ હુમલો કર્યો હતો અને ભારતીય હવાઈ સીમામાંથી જ આ હુમલો કરાયો અને નૌકાદળ એ આ ઓપરેશનમાં દરિયામાંથી હવામાં પ્રહાર કરતા મિસાઈલ દાગ્યા હતા.

આ ઓપરેશન બાદ ત્રણેય રાફેલ જેટ વિમાનો સલામત રીતે એરબેઝ પર લેન્ડ થયા હતા. આ હુમલાના પગલે મધરાતે પાકના પંજાબ ક્ષેત્ર ઉપરાંત પાક કબ્જાના કાશ્મીરમાં રાત્રીના યુદ્ધના ભયાનક દ્રશ્યો સર્જાયા હતા.

ઈમારતો આગમાં લપેટાઈને ધ્વંશ થતા લોકોમાં નાસભાગ જોવા મળી હતી અને લોકો ચીસાચીસ પણ કરતા હતા. લગભગ ૩૦ મીનીટ સુધી આ દહેશત ભર્યુ વાતાવરણ સર્જાયુ અને બાદમાં બન્ને દેશો વચ્ચે સીમા પર પણ ભારે તોપમારો અને ગોળીબાર ચાલુ છે.

બીજી તરફ હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નરેન્દ્ર મોદીએ તેમનો યુરોપ પ્રવાસ રદ કર્યો છે. તેઓ ક્રોએશિયા, નોર્વે, નેધરલેન્ડનો પ્રવાસે જવાના હતા.

## આતંકી સંગઠનોની નવ શિબિરનો ખાતમોઃ ભૂમીદળ-નૌકાદળ-એરફોર્સની સંયુક્ત કામગીરીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાઈવ નિહાળી કાર્યવાહી

## સમગ્ર દેશ માટે ગર્વની ક્ષણ, ઓપરેશન સિંદૂર મુદ્દે વડાપ્રધાન મોદીએ આપી પ્રતિક્રિયા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પહલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે ભારતીય સેના દ્વારા હાથ ધરાયેલા ઓપરેશન સિંદૂર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ પ્રતિક્રિયા આપી છે. તેમણે આ ઓપરેશન સમગ્ર દેશ માટે ગર્વની પળ હોવાનું જણાવ્યું છે. તેમણે કહ્યું કે, સેનાએ ઉત્કૃષ્ટ રીતે કામગીરી નિભાવી છે, આ આખા દેશ માટે ગર્વની પળ છે. ભારતીય સેનાએ ગત મોડી રાત્રે ૨૫ મિનિટમાં જ પાકિસ્તાન અને POKમાં સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણાં ઉડાડી દીધા હતાં. જેમાં ૯૦ આતંકવાદીઓ માર્યા ગયા છે. ઓપરેશન સિંદૂર બાદ કેબિનેટની બેઠકમાં વડાપ્રધાન મોદીએ આ નિવેદન આપ્યુ હતું. તેમણે ભારતીય સેનાની ત્રણેય પાંખોને શુભેચ્છા પાઠવતાં કહ્યું કે, તમે ઉત્કૃષ્ટ કામગીરી કરી છે, આખા દેશને તમારા પર ગર્વ છે.

## આ એકટ ઓફ વોર!ઃ પાક. વડાપ્રધાન શરીફની શેખચલી



ઈસ્લામાબાદ ભારતની મધરાતે સર્જીકલ સ્ટ્રાઈકથી પાકિસ્તાન હચમચી ગયુ છે અને જે રીતે ભારતીય સેનાના ત્રણેય દળોએ સંયુક્ત રીતે હુમલો કરીને આતંકી કેમ્પ તબાહ કર્યા તેના પર પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ભારતના મિસાઈલ હુમલાને એકટ ઓફ વોર પાક સામે યુદ્ધ જ ગણાવીને જવાબ આપવાની બડાશ હાંકી હતી.

તેઓએ દાવો કર્યો કે, ભારતે ઓપરેશન સિંદુરથી પાકમાં મારા સ્થળો પર હુમલો કર્યો છે. શરીફે કહ્યું કે પાકિસ્તાન આ કાર્યવાહીના જવાબ આપવાનો અધિકાર ધરાવે છે અને પાક તથા તેનુ સૈન્ય કઈ રીતે જવાબ આપવો તે સારી રીતે જાણે છે. અમો દુશ્મનોને તેના બદઈરાદામાં સફળ થવા દેશું નહી.

# ભારતની એરસ્ટ્રાઇક બાદ પાક સૈન્ય રઘવાયુ બન્યું

■ સરહદ પર પાક.ના ગોળીબારથી ૧૦ ભારતીયોના મોત

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

ભારતના પાકિસ્તાન પર ઓપરેશન સિંદુર વચ્ચે કાશ્મીરની અંકુશ રેખાઓ પર બન્ને દેશોનાં સૈન્યદળો વચ્ચે ધણધણાટી વકરી હતી તેમાં ૧૦ ભારતીય નાગરીકોનાં મોત થયા હતા અને ૨૦ જેટલા ઘાયલ થયા હતા. ગોળીબાર-તોપમારાની ધણધણાટીથી ભયભીત લોકો બંકરોમાં આશરો લેવા માંડયા હતા.

ભારતે પાક પર ૧૯૭૧ પછીનો સૌથી મોટો હુમલો કર્યાને પગલે વાસ્તવિક અંકુશ રેખાએ પાકિસ્તાની



સૈન્ય ઉશ્કેરાયુ હોય તેમ બેફામ ગોળીબાર તોપમારો કર્યો હતો, પુંછ, રાજૌરી તથા ઉરી ક્ષેત્રમાં નાગરીકોનો વસવાટ ધરાવતાં ક્ષેત્રોને પણ નિશાન બનાવાયા હતા.

પાક સૈન્યનાં ગોળીબાર-તોપમારામાં અનેક મકાનોને નુકશાન થયુ હતું. ઉપરાંત અનેક વાહનો પણ સળગી ગયા હતા. ઉતરીય કાશ્મીરનાં તંગધારમાં નિયંત્રણ રેખા નજીક કાશ્મીરી નાગરીકોને નિશાન બનાવાયા હતા એક મકાન સળગીને ખાક થઈ ગયુ હતું.

પહેલગામ હુમલા બાદ છેલ્લા ૧૩ દિવસથી સારો ગોળીબાર ચાલુ જ હતો.ગઈકાલે ભારતની એરસ્ટ્રાઈક બાદ ધણધણાટી વકરી હતી. સુત્રોએ કહ્યુ કે ગઈરાત્રે વાસ્તવિક અંકુશ રેખા તથા આંતર રાષ્ટ્રીય સરહદની ચોકીઓ પરથી પાક સૈન્યએ જમ્મુ-કાશ્મીરનાં અનેક સ્થાનોએ આડેધડ ગોળીબાર કર્યો હતો. પુંછ ક્ષેત્રમાં જ અંધાધુંધ ગોળીબારમાં ૧૦ નાગરીકોનાં મોત નીપજયા હતા જયારે ૨૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.

સરકારી સુત્રોએ કહ્યુ કે, મૃતકોમાં મહિલા પણ સામેલ છે. પાક તરફથી તોપગોળો પડતા મૃતક મહિલાનું ઘર ઝપટમાં આવી ગયુ હતું. અને તેની ૧૩ વર્ષની દિકરી ઘાયલ થઈ હતી. પુંછના વિભિન્ન ક્ષેત્રમાં પાક ગોળીબારની ઝપટે ચડેલા અન્ય કેટલાંક નાગરીકો ઘાયલ થયા હતા.

જેઓની હાલત સ્થિર ગણાવાય છે. રાજૌરીમાં પાક ગોળીબારમાં મહિલાઓ સહીત ચાર લોકો ઘાયલ થયા હતા. ઉરી ક્ષેત્રમાં ત્રણ બાળકો સહિત ૧૦ લોકો ઘાયલ થયા હતા અને અનેક મકાનોને પણ નુકશાન થયુ છે. સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો અને લોકો બંકરોમાં આશરો લેવા માંડયા હતા. સ્થાનિક લોકોએ કહ્યું કે ગોળીબાર બેફામ હતો. લોકોએ સુરક્ષીત સ્થળોએ દોડવુ પડયુ હતું. લોકોના ઘર, મકાન, વાહનોને નુકશાન થયુ હતું.

# રાજકોટ સહિત ગુજરાતના તમામ એરપોર્ટ હાઈએલર્ટ પરઃ મુસાફરો માટે કેટલાક બંધ કરાયા

■ શ્રીનગર, જમ્મુ, લેહ, અમૃતસર, બિકાનેર, ચંદીગઢ, જોધપુર, હિડન એરપોર્ટ પણ બંધ કરાતા ફલાઈટો કેન્સલ-ડાઈવર્ટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હેલગામ હુમલાનો બદલો લેવા ભારતીય સૈન્યએ પાકિસ્તાન પર કરેલા ભીષણ હૂમલા વચ્ચે ભારે સાવચેતીનાં ભાગરૂપે દેશના અનેક એરપોર્ટ બંધ કરી દીધા છે.

હિમાચલ પ્રદેશનાં ધર્મશાળા, કાશ્મીરનાં શ્રીનગર, લેહ, જમ્મુ, પંજાબનું અમૃતસર, રાજસ્થાનનાં બિકાનેર તથા દિલ્હી એનસીઆરના હિડન એરપોર્ટનો સમાવેશ થાય છે. ઈન્ડીગો, સ્પાઈસજેટ, એર ઈન્ડીયા, જેવી એરલાઈન્સોએ ટવીટ કરીને આ માહીતી શેર કરી હતી.

સ્પાઈસજેટ દ્વારા એમ કહેવાયું છે કે ધર્મશાળા, શ્રીનગર જમ્મુ, અમૃતસર તથા લેહની ફલાઈટ નવી જાહેરાત સુધી રદ કરવામાં આવે છે. અને મુસાફરોએ તે મુજબ પોતાનું આયોજન ગોઠવવાની સલાહ છે. ઈન્ડીગોએ બિકાનેરનો નામોલ્લેખ કર્યો હતો.

ટાટા ગ્રુપની એર ઈન્ડીયાએ એમ કહ્યું કે જમ્મુ શ્રીનગર,લેહ, જોધપુર, અમૃતસર, ભુજ, જામનગર, ચંદીગઢ રાજકોટની ફલાઈટો નવા આદેશ સુધી રદ કરવામાં આવે છે અને અમૃતસરની બે ઈન્ટરનેશનલ ફલાઈટને દિલ્હી ડાઈવર્ટ કરવામાં આવે છે.

અકાશા એરલાઈન્સે પણ શ્રીનગરની ફલાઈટ રદ કરવાની જાહેરાત કરી હતી.



### કયા કયા એરપોર્ટ બંધ

લેહ, થોઈસ, શ્રીનગર, જમ્મુ, અમૃતસર, પઠાનકોટ, ચંદીગઢ, જોધપુર, જેસલમેર, જામનગર, ભટીંડા, ભુજ, ધર્મશાલા, સીમલા, રાજકોટ, પોરબંદર.

# મોરબી ચોરાઉ ત્રણ બાઈક સાથે એક ઈસમને પકડી લેતી એ ડિવિઝન પોલીસ

## કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ-કિશોર આરોપીનું નામ ખુલ્યું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેર પોલીસે પોકેટ કોપ તથા નેત્રમ સી.સી.ટી.વી નો ઉપયોગ કરી શહેરના એ ડિવિઝન તથા બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ બાઈક ચોરીના ગુનામાં એક વાહન ચોર આરોપીને ચોરીના ત્રણ મોટર સાયકલ સાથે પકડી લેવામાં આવ્યો છે, જ્યારે આ સમગ્ર વાહન ચોરીમાં અન્ય એક સહઆરોપી તરીકે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરનું નામ ખુલતા, તેની સામે પણ પોલીસે ધોરણસરની કાર્યવાહી કરવા તપાસ ચલાવી છે.

મોરબી શહેરમા બનતા મિલ્કત સંબંધી બનાવો અટકાવવા તેમજ શોધી કાઢવા સર્વેલન્સ સ્કવોડ પીએસઆઇ જે.સી.ગોહીલ તથા સ્ટાફ પેટ્રોલીગમા હોય દરમ્યાન હેડ.કોન્સ હિતેષભાઇ ચાવડા તથા કોન્સ પૃથ્વીરાજસિંહ જાડેજાને શહેરમા લગાવેલ નેત્રમ સી.સી.ટીવી કેમેરા તેમજ હયુમન સોર્સીસને આધારે આરોપી ઈરફાનભાઇ યાસીનભાઇ ફતેમહમદભાઇ કટીયા ઉવ.૨૪ રહે-જોન્સનગર લુક્સ ફર્નીચરની બાજુમા મોરબી મુળરહે-નવાગામા તા.માળીયા(મી) વાળા પાસેથી સીટી



એ ડિવિઝન અને સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ મોટર સાયકલ ચોરીના ત્રણ હીરો સ્પ્લેન્ડર કિ.રૂ.૯૫ હજારના વાહન કબ્જે લેવામાં આવ્યા છે, આ સાથે વાહન ચોરીમાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કુશોર આરોપીનું નામ ખુલવા પામ્યું હતું, જેથી પોલીસે તેને હાલ ફરાર દર્શાવી તે આરોપી વિરુદ્ધ તપાસની તજવીજ હાથ ધરી છે. વધુમાં પકડાયેલ વાહન ચોર આરોપી હેન્ડલ લોક માર્યા વગરના મોટર સાયકલ ડાયરેકટ કરી ચોરીના ગુન્હાને અંજામ આપવાની ટેવ વાળા હોવાનું સામે આવ્યું છે.

# માળીયા(મી)ના ચીખલી ગામે અગાઉની અદાવતનો ખાર રાખી યુવક ઉપર એક મહિલા સહિત ચારનો હુમલો

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી) તાલુકાના ચીખલી ગામે અગાઉ દારૂનો કેસ થયા અંગે પોલીસને બાતમી આપ્યાની શંકાનો ખાર રાખી, એક મહિલા સહિત ચાર શખ્સોએ યુવક ઉપર હુમલો કર્યો હતો, આ હુમલામાં યુવકને માથામાં અને શરીરે ઈજાઓ પહોંચાડી તમામ આરોપીઓ યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપી ચાલ્યા ગયા હતા, ત્યારે સમગ્ર ઘટના મામલે ભોગ બનનાર યુવક દ્વારા પોલીસ સમક્ષ એક મહિલા સહિત ચાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, શેખરભાઇ ચંદુભાઇ નગવાડીયા ઉવ.૨૮ રહે.ચિખલી વાળાએ માળીયા(મી) પોલીસ મથકમાં આરોપી પ્રકાશભાઇ વાઘજીભાઇ દેગામા, નવઘણભાઇ વાઘજીભાઇ દેગામા, વાઘજીભાઇ નરશીભાઇ દેગામા તથા વસંતબેન વાઘજીભાઇ દેગામા રહે.બધા ચીખલી તા.માળીયા(મી) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી જેમાં અગાઉ આરોપી પ્રકાશભાઇ વાઘજીભાઇ દેગામા વિરુદ્ધ દારૂના કેસમાં પોલીસને બાતમી આપી હતી, જેનો શક રાખી મનદુઃખ ચાલતું હોય જેનો ખાર રાખી ઉપરોક્ત આરોપીઓએ ફરિયાદી શેખરભાઈને ગાળો આપી, આરોપી પ્રકાશભાઈએ લાકડાનો ધોકો લઈને હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. અને ત્યારે ફરિયાદીના મામી વચ્ચે પડતા ઢોકનો એક ઘા શેખરભાઈને માથામાં લાગ્યો હતો, અને અન્ય આરોપીઓએ શેખરભાઈને ઢીકા પાટુનો માર મારી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી શેખરભાઈને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. હાલ માળીયા(મી) પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના જીવીટી ટાઇલ્સ ઉદ્યોગકારોનું અનોખું પગલુંઃ એકતા દર્શાવતા શપથ લીધા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં જીવીટી ટાઇલ્સ બનાવતા ૧૧૦ ઉદ્યોગકારોની બેઠક મળી હતી. અગાઉથી નક્કી કરાયેલા ભાવ વધારો અમલમાં મૂકાયાનાં પગલે આજે તમામ ઉદ્યોગકારોએ એકતા દર્શાવતા શપથ લીધા કે તેઓ નવા ભાવે જ માલ વેચશે અને એસોસિએશનના નિયમોનું પાલન કરશે.

મોરબીના ટાઇલ્સ ઉદ્યોગમાં જીવીટી ટાઇલ્સ બનાવતા ૧૧૦ થી વધુ ઉદ્યોગકારોએ ભાવ વધારાની અમલવારી અંગે અનોખી રીતે એકબીજાની હાજરીમાં શપથ લીધા હતા. આ બેઠક મોરબી સિરામિક એસોસિએશનના વિટ્રીફાઇડ ડિવિઝનના પ્રમુખ મનોજભાઈ એરવાડિયાની અધ્યક્ષતામાં મળી હતી. તેમણે જણાવ્યું હતું કે, ''એપ્રિલ મહિનામાં થયેલી બેઠકમાં



ટાઇલ્સના ભાવમાં રૂ. ૨ પ્રતિ સ્કવેર ફૂટનો વધારો કરવાનો નિર્ણય લેવાયો હતો, જે હવે અમલમાં મૂકાઈ ગયો છે. આજે તેની બેઠકમાં ઉદ્યોગકારોએ એ નિર્ધાર કર્યો કે કોઈપણ રીતે ભાવ ઓછો નહીં થાય અને એકતા જાળવીને નવા ભાવે જ માલ વેચાશે.'' તેમણે ઉમેર્યું કે, ''બજારમાં ગળાકાપ હરીફાઈ સર્જાય નહીં એ માટે તમામે મળીને એવું મક્કમ નક્કી કર્યું છે કે ઉદ્યોગ માટે નિયમો બનાવનારી એસોસિએશનના દરેક નિર્મયોનું સંપૂર્ણ પાલન કરવામાં આવશે.''

મોરબીના સિરામિક ઉદ્યોગમાં આ પ્રકારની સહમતી અને સંકલ્પનો દુર્લભ ઉદાહરણ જોવા મળ્યું છે. ઉદ્યોગકારો દ્વારા લેવાયેલો આ શપથ સમગ્ર ઉદ્યોગ માટે મજબૂત સંકેત આપે છે કે મોરબી ટાઇલ્સ ઈન્ડસ્ટ્રી હવે વધુ સજાગ અને સંગઠિત બની રહી છે.

# ચોટીલા ડેપ્યુટી કલેક્ટરે ગેરકાયદે રેતીનું ખનન અને વહન કરતા ત્રણ ડમ્પર ઝડપ્યા

## પાંચવડા, ચોટીલા હાઈવે અને સાંગાણી પાસેથી ડમ્પરો ઝડપાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**
**(અહેવાલ મોહસીનખાન પઠાણ)**

રાજકોટ-અમદાવાદ હાઈવે અને ચોટીલા જસદણ રોડ તેમજ આસપાસના ગ્રામ્ય રસ્તાઓ પર ડેપ્યુટી કલેક્ટરની ટીમે ચેકિંગમાં હતી ત્યારે રોયલ્ટી, પાસ પરમીટ વગરના તેમજ ઓવરલોડ સહિતના ૩ ડમ્પરો સહિતનો મુદ્દામાલ મળીને કુલ ૯૫.૮૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.




રાજકોટ-અમદાવાદ હાઈવે પરથી ગેરકાયદેસર સાદી રેતી ભરેલ ડમ્પર સહિત કુલ રૂા.૩૦.૨૧ લાખનો મુદ્દામાલ કબજે કરી ડમ્પર માલીક હરસુરભાઈ ગોદડભાઈ ખાચર (રહે.કાળાસર, ચોટીલા, સાંગાણી પુલ નીચેથી ગેરકાયદેસર ડમ્પર અને સાદી રેતી સહિત રૂા.૩૫.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ડમ્પર માલીક અક્ષયભાઈ રાણાભાઈ માલકીયા (રહે.ખેરડી) સામે કાર્યવાહી હાથધરી છે. જ્યારે ચોટીલાના પાંચવડા ગામેથી પણ ચેકિંગ દરમિયાન ગેરકાયદે સાદી રેતી ભરેલ ડમ્પર સહિત રૂા.૩૦.૨૯ લાખનો મુદ્દામાલ કબજે કરી ડમ્પર માલીક રામભાઈ સામતભાઈ વરૂ (રહે.કોટડા, કુતિયાણા) સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આમ ચોટીલા પ્રાંત અધિકારી એચ.ટી.મકવાણા સહિતની ટીમે ચોટીલા તાલુકાના અલગ-અલગ સ્થળો પરથી ગેરકાયદેસર સાદી રેતીનું ખનન અને વહન કરતા ત્રણ ડમ્પરો અને ખનીજ સંપત્તિ સહિત કુલ રૂા.૯૫.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચોટીલા મામલતદાર કચેરી ખાતે સીઝ કરવામાં આવ્યો હતો અને ત્રણેય ડમ્પરના માલીકો સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

# મોરબી નગર દરવાજા ખાતે મહિલાઓ માટે ખાસ ''પિંક-ટોયલેટ'' શરૂ કરાયું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા નગર દરવાજા ખાતેના વર્ષોથી બંધ હાલતમાં રહેલા મહિલા શૌચાલયનું નવીનીકરણ કરીને તેને ''પિંક ટોયલેટ તરીકે બહાર પાડવામાં આવ્યું છે. ખાસ કરીને મહિલાઓ માટે સ્વચ્છ અને સજ્જ શૌચાલય સુવિધા ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશથી તૈયાર કરવાના આવ્યું છે, આ સાથે શહેરના અન્ય શૌચાલયોનાં રિનોવેશનનું પણ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવ્યું છે.




મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકો માટે વધુ સારી શૌચાલય સુવિધાઓ ઉભી કરવાના ઉદ્દેશપૂર્વક અનેક કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તે અંતર્ગત નગર દરવાજા વિસ્તારમાં વર્ષોથી બંધ પડેલ મહિલા શૌચાલયનું બ્યુટીફીકેશન કરીને''પિંક ટોયલેટ'' નામે પુનઃશરૂ કરવામાં આવ્યું છે. આ નવા ''પિંક ટોયલેટ'' ખાસ કરીને મહિલાઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે, જેમાં સ્વચ્છતા, સુરક્ષા અને સગવડતા એ મુખ્ય અભિગમ છે.

મહાનગરપાલિકા દ્વારા વધુમાં શહેરના અન્ય વિસ્તારોમાં આવેલા જૂના અને જર્જરીત શૌચાલયોની તબક્કાવાર રિનોવેશન કામગીરી પણ શરૂ કરવામાં આવી છે, જે થકી આખા શહેરમાં સુસજ્જ જાહેર શૌચાલયોની સિસ્ટમ ઊભી કરવામાં આવશે. ત્યારે મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને વિનંતી કરી છે કે તેઓ આ નવી સુવિધાઓનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરે અને શહેરને સ્વચ્છ રાખવામાં સહકાર આપે.

## ન્યૂઝ ફ્લેશ

### હળવદ ભવાનીનગર ઢોરા નજીક વર્લીમટકાના આંકડાનો જુગાર રમતા એક ઝડપાયો

હળવદ ટાઉનમાં ભવાનીનગર ઢોરા નજીક આવેલ ત્રણ માળીયા ના ખુલ્લા પટ્ટમાં જાહેરમાં વર્લી ફિચર્સના અલગ અલગ આંકડાઓ લખી નસીબ આધારિત પૈસાની હારજીતનો જુગાર રમતા ધિરુભાઇ ગોવિંદભાઇ રાઠોડ ઉવ.૬૫ રહે. ચોત્રાફળી હળવદવાળાને પોલીસે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો છે, આ સાથે હળવદ પોલીસે આરોપી પાસેથી વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમવાનું સાહિત્ય તથા રોકડા રૂ.૬૫૦/-નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબી શહેરમાં ગંદકી અને પ્રતિબંધિત પ્લાસ્ટિક વપરાશકર્તા ૭૦ આસામી પાસેથી રૂ. ૩૫,૧૦૦ નો દંડ વસુલ કરાયો

મોરબી મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ ૧ થી ૫ મે દરમિયાન શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરનાર, ગંદકી કરનાર અને જાહેરમાં કચરો સળગાવનારા કુલ ૭૦ આસામી સામે કાર્યવાહી કરી રૂ. ૩૫,૧૦૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

મોરબી મહાનગરપાલિકા શહેરમાં સ્વચ્છતા જાળવવા માટે સતત સક્રિય કામગીરી કરી રહી છે. ત્યારે ૧ થી ૫ મે દરમ્યાન પાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ ખાસ ઝુંબેશ ચલાવી અને શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ, જાહેરમાં ગંદકી ફેલાવવી અને કચરો સળગાવા જેવા ગુનાઓ સામે કાર્યવાહી કરી હતી. આ કાર્યવાહી દરમિયાન કુલ ૨૫ આસામીઓ પાસેથી રૂ. ૧૬,૮૦૦/-, પ્રતિબંધિત પ્લાસ્ટિક ઉપયોગ બદલ દંડ વસુલ કરવામાં આવ્યો હતો. તેમ જ ૪૪ આસામીઓ પાસેથી ગંદકી કરવા બદલ રૂ. ૧૮,૧૦૦/-, અને જાહેરમાં કચરો સળગાવનારા ૧ આસામી પાસેથી રૂ. ૨૦૦/- નો દંડ વસુલ કરાયો હતો.

### મોરબી શહેરના જોખમી ૧૧ નાલા પૈકી ૯ નાલા ઉપર ફેન્સિંગ કામ પૂર્ણ

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના જોખમી ૧૧ નાલા/વોકળાનું સર્વે કરવામાં આવ્યું છે. જેમાંથી ૯ નાલાઓના જોખમ નિવારવા માટે જરૂરી ફેન્સિંગના કામ પૂર્ણ થઈ ચૂક્યાં છે, અને બાકીના નાલાઓનું કામ આગામી બે દિવસમાં પૂર્ણ કરી દેવામાં આવશે. મોરબી શહેરમાં નાગરિકોની સલામતી માટે મહાનગરપાલિકા સતત કાર્યરત છે. ખાસ કરીને ચોમાસા પૂર્વે નિકાશ વ્યવસ્થા અને ખુલ્લા નાલાઓને લઈને સંભવિત જોખમ નિવારવા માટે ડ્રેનેજ શાખાએ શહેરના ૧૧ જોખમી નાલા/વોકળાનું તાત્કાલિક સર્વે હાથ ધર્યું હતું. આ સર્વેના આધારે ૯ નાલા/વોકળા પર જોખમ દૂર કરીને ફેન્સિંગ કરવામાં આવી છે, જેથી જાહેર સ્થળે વિજ્ઞાન અને સલામતી જાળવી શકાય. બાકી રહેલા ૨ નાલા/વોકળા માટેનું કામ પણ આગામી બે દિવસમાં પૂર્ણ કરી લેવામાં આવશે તેમ નાયબ કમિશ્નરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### મોરબી સિવિલમાં ફેફસાની બીમારી સબબ દાખલ યુવકનું સારવારમાં મૃત્યુ

મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે ગઈ તા.૩૦ અપ્રિલના રોજ ધ્રાંગધ્રાના વતની ઘનશ્યામ ઝાલા ઉવ.૩૭ ફેફસાની બીમારી સબબ દાખલ હોય, જ્યાં ચાલુ સારવાર દરમિયાન ગઈ તા.૦૫ મે ના રોજ ઘનશ્યામ ઝાલાનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે સમગ્ર મૃત્યુના બનાવ અંગે ફરજ પર હાજર ડોક્ટરે પોલીસને જાણ કરતા, પોલીસે સ્થળ ઉપર પહોંચી, બનાવ અંગે પ્રાથમિક વિગતો મેળવી, અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા રખડતા ઢોર અટકાવવા નવી પોલીસી અંતર્ગત પશુ માલિકો માટે લાયસન્સ ફરજિયાત

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા રખડતા ઢોરના ત્રાસને રોકવા માટે ''પશુત્રાસ અટકાવ અને નિયંત્રણ પોલીસી-૨૦૨૩'' ૨૦ માર્ચ, ૨૦૨૫થી અમલમાં મુકાઈ છે. નવી પોલીસી અનુસાર શહેરમાં પશુઓ રાખી દૂધ વેચાણ કે અન્ય વ્યવસાય કરનાર માટે લાયસન્સ લેવું ફરજિયાત કરાયું છે.

શહેરી વિસ્તારોમાં વધતા રખડતા ઢોરના ત્રાસ સામે મોરબી મહાનગરપાલિકા દ્વારા કાયમી પગલાં લેવામાં આવ્યાં છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરિપત્રને લઈને મોરબી મહાનગરપાલિકા દ્વારા ''પશુ ત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગેની પોલીસી-૨૦૨૩'' ને તારીખ ૨૦ માર્ચ, ૨૦૨૫ના રોજ મંજુર કરી અમલમાં મુકવામાં આવી છે. આ માર્ગદર્શિકા હેઠળ મોરબી શહેરમાં જે પશુ માલિકો પોતાના ઘરમાં પશુઓ રાખે છે અને દૂધ વેચાણ કે અન્ય કોઈ પણ પશુ આધારિત વ્યવસાય કરે છે, તેમને હવે મોરબી મહાનગરપાલિકાના પશુ રંજાડ અંકુશ વિભાગમાંથી લાયસન્સ ફોર્મ મેળવી લાયસન્સ કરવું ફરજિયાત રહેશે.

# માળીયા(મી)ના મોટા ભેલા ગામે જાહેરમાં જુગાર રમતા પાંચ જુગારી ઝબ્બે



**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી) પોલીસે પૂર્વ બાતમીને આધારે તાલુકાના મોટા ભેલા ગામે રેઈડ કરી હતી, જ્યાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા પાંચ જુગારીને રોકડા ૧૧,૯૮૦/-સાથે પકડી લેવાયા છે.

માળીયા(મી) પોલીસ સ્ટેશનના સર્વેલન્સ ટીમના હરપાલસિહ ખેર તથા પો.કોન્સ જયપાલસિંહ ઝાલાને સંયુકત બાતમી મળેલ કે માળીયા(મી) વિસ્તારના મોટા ભેલા ગામની સીમામાં જાહેરમાં અમુક શખ્સો ગંજીપતાના પાના અને પૈસા વતી પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમે છે જે આધારે તુરંત મોટા ભેલા ગામે દરોડો પાડતા, જ્યાં જુગારની મહેફિલ માણી રહેલ આરોપી કાન્તીલાલ ધરમશીભાઇ સરડવા, ખેંગારભાઇ મેરામભાઇ બરબચીયા, ચંદુલાલ દેવજીભાઇ ખાંભળીયા, કરશનભાઇ ભગવાનજીભાઇ ખાંભળીયા તથા શીવાભાઇ શામજીભાઇ ખાંભળીયા તમામ રહે. મોટાભેલા તા. માળીયા(મી)ને રોકડા રૂ.૧૧૯૮૦/- સાથે કુલ પાંચ આરોપીઓને પકડી લઈ તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માળીયા(મી)ના ગુલાબડીમાંથી જામગરી બંદૂક સાથે એક પકડાયો



**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી) ગામની સીમમાં ગુલાબડી વિસ્તાર પાસેથી એક ઈસમને હાથ બનાવટી જામગરી (અગ્ની શસ્ત્ર ) સાથે માળીયા(મી)પોલીસે એક શખ્સને દબોચી લઈ તેની વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નો ધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

માળીયા(મી) પોલીસ મથકના કોન્સ રાયમલભાઇ શીયાર તથા જયપાલસિંહ ઝાલાને સંયુકતમાં મળેલ ખાનગી હકીકત આધારે માળીયા(મી) ગામની ગુલાબડી વિસ્તાર પાસે આવેલ ઈન્ડીયા કારખાને જવાના રસ્તેથી આરોપી સિંકદરભાઇ મુસ્તાકભાઇ કાજેડીયા રહે.માળીયા(મી) સરકારી હોસ્પીટલ પાસે વાળાને એક દેશી હાથ બનાવટની જામગરી બંદુક હથીયાર નંગ-૧ કિ.રૂ.૩૦૦૦/-ના સાથે ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે પોલીસે પકડાયેલ આરોપી વિરુદ્ધ હથિયાધારા તળે ગુન્હો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# વાંકાનેર બાઉન્ડ્રી ઓવરબ્રિઝ પર ૪૦૦ લીટર દેશી દારૂ ભરેલ ઈકો સાથે બે પકડાયા, માલ મોકલનાર-મંગાવનારના નામ ખુલ્યા

**મુખ્ય સમાચાર,વાંકાનેર**

વાંકાનેર તાલુકા પોલીસે પૂર્વ બાતમીને આધારે વાંકાનેર બાઉન્ડ્રી ઠીકરીયાળા ગામ નજીક ઓવરબ્રિઝ ઉપરથી એક દેશી દારૂ ભરેલ ઈકો કાર ઝડપી લેવામાં આવી છે, જેમાં ૪૦૦ લીટર દેશી દારૂ સાથે બે ઈસમોની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી છે, જ્યારે પકડાયેલ આરોપીઓની પૂછ્તાછ્માં દેશી દારૂ મોકલનાર અને મંગાવનારના નામની કબુલાત આપતા, તાલુકા પોલીસે કુલ ચાર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વાંકાનેર તાલુકા પોલુસને બાતમી મળી કે એક સફેદ કલરની ઈકો કાર રજી.નં. જીજે-૦૩-એચકે-૧૦૨૪ માં દેશી દારૂની હેરાફેરી થવાની છે, જેથી તુરંત પોલીસ ટીમ તાલુકાના ઠીકરીયાળા ગામની સીમમાં વાંકાનેર બાઉન્ડ્રી ઓવરબ્રિઝ ઉપર વોચમાં હોય તે દરમિયાન ઈકો કાર ત્યાંથી પસાર થતા તેને રોકી તેની તલાસી લેતા તેમાંથી પ્લાસ્ટિકના બાચકામાં ૪૦૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો, આ સાથે પોલીસે આરોપી રમેશ ઉર્ફે અટી ભીખાભાઇ બોહકીયા ઉવ.૩૦ રહે.ધારાડુંગરી ગામ તા.સાયલા જી.સુ.નગર તથા પ્રવીણભાઈ દેવભાઈ ઉઘરેજા ઉવ.૩૨ રહે.રહે.ધારાડુંગરી ગામ તા.સાયલા જી.સુ.નગર વાળાની અટકાયત કરવામાં આવી છે, જ્યારે દેશી દારૂ મંગાવનાર આરોપી નરેશભાઈ પરષોત્તમભાઈ કોળી રહે.મોરબી ત્રાજપર ખારી યોગીનગર સોસાયટી તેમજ માલ મોકલનાર આરોપી તરીકે રવિ ભુદરભાઈ કોળી રહે.નળખંભા તા.થાનગઢ જી.સુ.નગર વાળાના નામની પકડાયેલ આરોપીઓ કબુલાત આપતા તે બન્ને આરોપીને ફરાર દર્શાવી, વાંકાનેર તાલુકા પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે, આ સાથે પોલીસે ૪૦૦ લીટર દેશી દારૂ રૂ.૮૦,૦૦૦/-તથા ઈકો કાર રૂ. ૨.૦ લાખ એમ કુલ ૨.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ફરાર આરોપીઓને પકડી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# હળવદના નવા દેવળીયા ગામ નજીક હિટ એન્ડ રનમાં આઈસરની ઠોકરે રાહદારીનું મોત

**મુખ્ય સમાચાર,મોરબી**

હળવદના નવા દેવળીયા ગામ નજીક રોડ ઉપર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે, જેમાં યુદ્ધે ચડેલા બે ખુટિયા અચાનક રોડ ઉપર આવી જતા, જેને તારવવા આઇસર ચાલકે રોડ સાઈડમાં ચાલીને જતા એક વ્યક્તિને પાછળથી જોરદાર ટક્કર મારી હતી, જેથી શરીરે ગંભીર ઈજાઓને પગલે ઘાયલ રાહદારીનું મૃત્યુ નીપજ્યું હતું, બીજીબાજુ ગંભીર અકસ્માત સર્જી અજાણ્યો આઈસર ચાલક પોતાનું વાહન લઈને નાસી ગયો હતો. હિટ એન્ડ રન અકસ્માતની પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ હળવદ તાલુકાના નવા દેવળીયા ગામના વતની હાલ મોરબીના આલાપ રોડ ખોડિયાર પાર્ક સોસાયટી શેરી નં.૧ માં રહેતા ઘનશ્યામભાઇ કરશનભાઇ અઘારા ઉવ-૪૯ એ હળવદ પોલીસ મથકમાં અજાણ્યા આઇસર ટ્રકના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધવી છે જેના જણાવ્યા અનુસાર, ગઈ તા.૦૪/૦૫ ના રોજ અજાણ્યા આઈસર ટ્રક ચાલક આરોપીએ પોતાના હવાલાવાળુ આઇસર ટ્રક જેતપર તરફથી નવા દેવળીયા ગામ તરફ પુરઝડપે અને ગફલતભરી રીતે માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી આવતો હોય ત્યારે નવા દેવળીયા ગામ નવા પ્લોટ વિસ્તારમા આવેલ હનુમાનજીના મંદિરની સામે અચાનક લડાઈ કરતા બે ખુટીયા રોડ તરફ આવતા ખુટીયાઓને બચાવવા જતા રોડની સાઇડમા ચાલીને જઇ રહેલ ઘનશ્યામભાઇના મોટા ભાઇને હડફેટે લીધા હતા, ત્યારે આ અકસ્માતમાં તેઓને ખંભામાં તથા છાતીના ભાગે ગંભીર ઇજા પહોચતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું, અકસ્માત સર્જી અજાણ્યો આઇસર ચાલક પોતાના હવાલ-વાળુ આઇસર ટ્રક લઇ સ્થળ ઉપરથી નાશી ગયો હતો, હાલ હળવદ પોલીસે આરોપી આઇસર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી, તેને પકડી લેવા તજવીજ શરૂ કરી છે.

# વાંકાનેર સરતાનપર રોડ ઉપર પેપરમિલના કમ્પાઉન્ડમાં ડમ્પરની હડફેટે શ્રમિકનું મોત

**મુખ્ય સમાચાર,વાંકાનેર**

વાંકાનેર તાલુકાના સરતાનપર રોડ ઉપર આવેલ સોપરાઈટ પેપરમીલના કમ્પાઉન્ડમાં મજૂરી કામ કરી રહેલા શ્રમિકને ડમ્પરના ચાલકે હડફેટે લેતા, શ્રમિકને છાતીના ભાગમાં ગંભીર ઇજા પહોચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું, સમગ્ર અકસ્માતમાં મૃત્યુના બનાવ અંગે મૃતકના પિતા દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ડમ્પર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી વિગતો મુજબ, મૂળ તલાવડી પોસ્ટ લકડકોટ જી. નંદુરબાર મહારાષ્ટ્રના વતની હાલ વાંકાનેર તાલુકાના સરતાનપર રોડ ઉપર સોપરાઈટ પેપરમિલમાં છેલ્લા ત્રણેક મહિનાથી મજૂરી કામ કરતા આદેશભાઈ જમાદાર રાયસીંગ પાવરા ઉવ.૨૫ ગઈ તા.૨૨/૦૪ના રોજ સોપરાઈટ પેપરમિલના કમ્પાઉન્ડમાં વેસ્ટપેપરની મજૂરી કામ કરી રહ્યા હોય તે દરમિયાન ડમ્પર રજી.નં. જીજે-૧૩-એડબલ્યુ-૩૫૨૯ ના ચાલકે પોતાનું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી આવી આદેશભાઈને હડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો,

ત્યારે આ અકસ્માતમાં આદેશભાઈને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા, તુરંત તેને સારવાર માટે વાંકાનેર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા, જ્યાં ટૂંકી સારવારમાં આદેશભાઈનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે ડેડબોડીનું પીએમ સહિતની તબીબી કામગીરી પૂર્ણ કરી લાશની અંતિ ક્રિયા માટે મૃતકની પત્નીને સોંપવામાં આવી હતી,

જ્યાંથી તેમના વતન આદેશભાઈની અંતિમ ક્રિયા પૂર્ણ કરી, મૃતકના પિતા જમાદાર રાયસીંગ પાવરા ઉવ.૬૭ એ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ઉપરોક્ત ડમ્પરના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ‘‘રિલે એરાઉન્ડ ધ વર્લ્ડ ચેલેન્જ‘‘ની થીમ સાથે આજે વિશ્વ એથ્લેટીક્સ દિવસ-૨૦૨૫ની ઉજવણી




**ઓલિમ્પિક્સ ૧૯૨૮માં ભારતીય ખેલાડીનું પ્રતિનિધિત્વ, ભારતને ફાઇનલમાં પહોંચાડનાર મિલ્ખા સિંઘ પ્રથમ એથ્લેટ, નીરજ ચોપરાએ અપાવ્યો પ્રથમ મેડલઃ નેશનલ ગેમ્સના આયોજન બાદ ૨૦૩૬માં ઓલિમ્પિક્સ માટે તૈયારી કરતું ગુજરાત**

**મુખ્ય સમાચાર,રાજકોટ : આલેખન-રાજકુમાર**

રિલે રેસ માત્ર એક રેસ નથી પરંતુ, એક ટીમ વર્કથી સફળતા પ્રાપ્ત કરવાનો મંત્ર છે. આગામી તા. ૭ મે ના રોજ 'વિશ્વ એથ્લેટિક્સ દિવસ ૨૦૨૫'ની ઉજવણી ‘‘રિલે એરાઉન્ડ ધ વર્લ્ડ ચેલેન્જ‘‘ની થીમ સાથે થશે. વર્લ્ડ એથ્લેટિક્સ રિલે ચીનમાં ગુઆન્ઝાઉ ખાતે યોજવા જઈ રહી છે, ત્યારે આ ચેલેન્જનો ઉદ્દેશ વિશ્વભરમાં બાળકો અને યુવાઓને એથલેટિક્સમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

ભારત વિશ્વમાં રમત ગમત ક્ષેત્રે મક્કમ ગતિએ આગળ વધી રહ્યું છે, ત્યારે આવો જાણીએ ભારતની એથ્લેટીક્સમાં પ્રારંભથી મેડલ્સ મેળવતી હરણફાળ સિદ્ધિઓ. ભારતે પ્રથમવાર ૧૯૨૮માં ઓલિમ્પિક્સમાં ભાગ લીધો, પરંતુ પહેલીવાર ઓલિમ્પિક્સમાં ફાઇનલમાં ૪૦૦ મી. દોડમાં મિલ્ખા સીંગે ભારતને ગૌરવ અપાવ્યું હતું. જયારે નીરજ ચોપરાએ ટોક્યો ખાતે ઓલમ્પિકસમાં ભાલા ફેકમાં પ્રથમ ગોલ્ડ મેડલ અપાવી દેશમેં સિદ્ધિ અપાવી હતી.

એથ્લેટિક્સમાં ગુરબચનસિંહ રંધાવા, ટી. સી. યોહન્નાન, ચાર્લ્સ બોરોમેઓ, પી. ટી. ઉષા, અંજુ બોબી જોઝ, કૃષ્ણા પૂનિયા, વિકાસ ગૌડા, લલિતા બાબર, હિમા દાસ, નીરજ ચોપરા, અવિનાશ સાબલે, પારુલ ચૌધરી, મુરલી શ્રીશંકર, જ્યોતિ યારાજી, કિશોરકુમાર જેના સહિતના ખેલાડીઓએ દોડ, ડિસ્ક થ્રો, લોન્ગ જમ્પ, ભાલા ફેંકમાં એશિયન ગેમ્સ, વર્લ્ડ ચેમ્પિયનશિપ, કોમનવેલ્થ ગેમ્સ, ઓલિમ્પિક્સ સહિતની ગેમ્સમાં મેડલ્સ અપાવી ભારતનું નામ રોશન કર્યું છે.

એથ્લેટીક્સ સહીત રમત ગમત ક્ષેત્રે ગુજરાત વિકસિત બને તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગ્રાસરુટ લેવલે તૈયારીઓ કરી ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવ્યો હતો. વર્ષ ૨૦૧૦થી પ્રારંભ થયેલા ખેલ મહાકુંભમાં ગામડાથી લઈને રાષ્ટ્રીય સ્તર સુધીના દરેક વયના ખેલાડીઓને પ્લેટફોર્મ મળી રહે તે માટે વિવિધ સ્પર્ધાઓ, ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. ખેલ મહાકુંભના વિજેતા બાળકોને સ્પોર્ટ્સ એકેડમી, ટ્રેનિંગ સ્કૂલમાં નિઃશુલ્ક ટ્રેનિંગ આપવામાં આવે છે. ‘‘એકલવ્ય એવોર્ડ‘‘, ‘‘જ્ઞાનેન્દ્ર એવોર્ડ‘‘ જેવા ખેલકૂદ એવોર્ડ્સ તેમજ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર અને તાલીમ ખર્ચમાં સહાય આપવામાં આવે છે.

**ગુજરાતમાં ખેલ મહાકુંભ, સ્પોર્ટ્સ એકેડમી, તાલીમ કેન્દ્રો, ખેલ એવોર્ડ્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ સહિતના પગલાંઓ**

ખેલાડીઓને મદદરૂપ બનતા આંતરરાષ્ટ્રીય સ્તરના મેદાનો અમદાવાદ, ગાંધીનગર સહિતના શહેરોમાં નિર્માણ કરવામાં આવ્યા છે. ગુજરાતે વર્ષ ૨૦૨૨માં નેશનલ ગેમ્સનું સફળ આયોજન કર્યું છે, અને હવે વર્ષ ૨૦૩૬માં રમાનારી ઓલિમ્પિક્સ માટે દાવેદારી સાથે નિર્માણકાર્ય હાથ ધર્યું છે.

ગુજરાતમાં ઓલિમ્પિક્સ રમાય તે માટે અમદાવાદ, ગાંધીનગરમાં વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવી રહ્યા છે. અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ ખાતે ૩,૦૦૦ એથ્લેટ્સ માટેના વિલેજ, નવા ૧૦ સ્ટેડિયમનું નિર્માણ હાથ ધરવામાં આવ્યું છે.પેરા એથલેટ્સ માટે ગાંધીનગરમાં વર્લ્ડ ક્લાસ તાલીમ કેન્દ્રનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતે સ્પોર્ટ્સ પોલિસી બનાવી છે. જેમાં ગુજરાતના પ્રતિભાવાન ખેલાડીઓ આગળ વધે તે માટે રાજ્યમાં સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ ડેવલપ કરવામાં આવી રહી છે, ત્યારે 'ખેલશે ગુજરાત જીતશે ગુજરાત' મંત્ર સાથે ભારતનું ઉજ્જ્વળ ભવિષ્ય વાયા ગુજરાત હશે તેમ ચોક્કસ કહી શકાય.

## રાજકોટ જિલ્લામાં બપોરના ૧૪ થી ૧૬ કલાકમાં ૧.૮૨ ઈંચ વરસાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજકોટ સહિત અનેક જિલ્લામાં વરસાદ અને ભારે પવનની સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે રાજકોટ જિલ્લામાં પણ ૨ દિવસમાં સારો વરસાદ નોંધાયો છે. જે મુજબ બપોરના ૧૪ વાગ્યાથી ૧૬ કલાકમાં રાજકોટમાં ૧૪ અને લોધિકામા ૬ મી.મી. કુલ ૧.૮૨ ઈંચ વરસાદ નોંધાયો છે, આ ઉપરાંત કોટડાસાંગાણીમા ૧ અને ગોંડલ ખાતે ૨ મી.મી. વરસાદ સાથે સવારના ૬ કલાકથી ૧૬ કલાક દરમિયાનમાં રાજકોટ જિલ્લામાં કુલ ૨.૦૯ ઈંચ વરસાદ નોંધાયો છે તેમ જિલ્લા કંટ્રોલ રૂમ, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

### રાજકોટ જિલ્લામાં આગામી તા. ૭ થી ૧૧ સુધી છૂટાછવાયાં વરસાદની શક્યતા

હવામાન કેન્દ્ર અમદાવાદ દ્વારા આગામી તા. ૦૭ મે થી ૧૧ મે સુધી ૫ દિવસો દરમ્યાનની રાજકોટ જિલ્લામાં હવામાનની આગાહી કરવામાં આવી છે. આગાહી અનુસાર આવતીકાલ આ પાંચ દિવસો દરમ્યાન જિલ્લામાં છૂટાછવાયાં વરસાદની શક્યતા જણાવવામાં આવી છે. આ સમય ગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૩-૩૫ ડિગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૧૯-૨૦ ડિગ્રી સેલ્શીયસ તથા મહત્તમ અને લઘુત્તમ ભેજનું પ્રમાણ અનુક્રમે ૯૦-૯૫ અને ૫૦-૭૦ ટકા જેટલું રહેવાની સંભાવના છે. પવનની ઝડપ ૮ થી ૧૮ કીમી/કલાક અને પશ્ચિમ અને નૈઋત્ય દિશા રહેવાની શક્યતા છે તેમ જુનાગઢ કૃષિ યુનિવર્સિટી તરઘડીયાની યાદીમાં જણાવાયું છે.

## ‘‘મિશન શક્તિ’’ યોજનાની જિલ્લા કક્ષાની દેખરેખ અને મૂલ્યાંકન સમિતિની બેઠક યોજાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને તા.૦૮/૦૫/૨૦૨૫ના રોજ બપોરે ૧.૩૦ વાગ્યે ‘‘મિશન શક્તિ’’ યોજનાની જિલ્લા કક્ષાની દેખરેખ અને મૂલ્યાંકન સમિતિની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાશે.

હિંસાથી અસરગ્રસ્ત તથા મુશ્કેલ પરિસ્થિતિમાં હોય તેવી પીડિતાઓને સરકાર દ્વારા તાત્કાલિક કાળજી, સમર્થન, સહાય પૂરી પાડવી, પુનર્વસન અને સમુદાયના લોકોને સરકારી યોજનાઓ/કાર્યક્રમો, કાયદાકીય જોગવાઈઓ વિશે જાગૃત કરવા વિવિધ યોજનાઓ/કાયદાઓ હેઠળ કાર્યકર્તાઓ/ફરજ બજાવનારનું તાલીમ અને ક્ષમતાવર્ધન કરવા તેમજ જાતિગત અસમાનતા અને લૈંગિક પસંદગી નાબુદ કરી બાળકીનું અસ્તિત્વ, રક્ષણ, શિક્ષણ અને વિકાસ સુનિશ્ચિત કરવાના હેતુથી ‘‘મિશન શક્તિ’’ યોજનાનું અમલીકરણ કરાયું છે. જેના માટે જિલ્લા કક્ષાની દેખરેખ અને મૂલ્યાંકન સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિની કામગીરીની સમીક્ષા માટે યોજાનારી બેઠકમાં સંબધિત વિભાગના અધિકારીઓએ ઉપસ્થિત રહેવા જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો. જનકસિંહ ગોહિલે અનુરોધ કર્યો છે.

## રાજકોટના વૈશાલીબેન કરશે વડાપ્રધાન મોદી સાથે સંવાદ

**સરકારની સખી મંડળ યોજના સાથે આર્થિક આત્મનિર્ભર બન્યા વૈશાલીબેન સંવાદ માટે ગુજરાતમાંથી માત્ર બે બહેનોની પસંદગી**



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લાના ગોંડલના મેટા ખંભાળિયાના વૈશાલીબેન ગઢીયા સરકારની સખી મંડળ યોજના સાથે લખપતિ દીદી બન્યા છે. રાષ્ટ્રીય સ્તરે ખ્યાતી પ્રાપ્ત કરી વૈશાલીબેન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે ૬ મેના રોજ એબીપી ચેનલ પર ઈન્ડિયા૨૦૪૭ સમિટ કાર્યક્રમમાં સંવાદ કરશે.

વૈશાલીબેન વર્ષ ૨૦૧૦થી સખી મંડળના પ્રમુખ તરીકે કાર્યરત છે. તેમને સરકાર દ્વારા રૂ. ૫૦,૦૦૦ સી.આઇ.એફ તથા રૂ. ૫૦૦૦ રિવોલ્વિંગ ફંડ પ્રાપ્ત થયું છે સાથે જ તેમણે રૂ.૨ લાખની સી.સી. લોન પણ લીધી હતી. વૈશાલીબેને આર.સે.ટી-રાજકોટમાંથી બેંક સખી (બીસી)સખી તરીકે તાલીમ મેળવી પોતાના ગામમાં બી.સી. પોઈન્ટ શરૂ કર્યું હતું.

આ ગ્રાહક સેવા કેન્દ્ર દ્વારા તેમણે નાની બેંકની જેમ કામ કરવાનું શરૂ કર્યું. બી.સી. પોઈન્ટ શરૂ કરીને, હાલ તેઓ દર વર્ષે રૂ.૩.૨૦ લાખથી વધુની આવક મેળવે છે. ટેકનેલોજી દ્વારા આર્થિક પ્રવૃત્તિઓ કરીને, તેઓ ખૂબ સારી આવક મેળવી રહ્યા છે. આ સિધ્ધિ સાથે તેઓ હવે રાષ્ટ્રીય સ્તરે સીધા પીએમ સાથે સંવાદ સાધી અનેક મહિલાઓના પ્રેરણા સ્ત્રોત બનશે.

# જામનગર જિલ્લામાં સાંજે ૪ થી ૮ કલાક સુધી મોકડ્રિલનું આયોજન

**મોકડ્રિલ તથા બ્લેક આઉટ અંગે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ તથા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ દ્વારા વિગતો અપાઈ**




**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મોકડ્રિલનું આયોજન.આજે સાંજે ૮ થી ૮:૩૦ સુધી બ્લેકઆઉટ અંધારપટ માટે સ્વેચ્છાએ વીજ પુરવઠો બંધ રાખવા જિલ્લા કલેક્ટરનો નાગરિકોને અનુરોધ.સંભવિત યુદ્ધની સ્થિતિમાં નાગરિકોને સુરક્ષિત અને જાગૃત્ત રાખવા માટે મોકડ્રિલનું આયોજન જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર.બ્લેક આઉટમાં ઘરના બલ્બ, ટ્યૂબલાઈટ્સ સ્વયંભૂ બંધ રાખવા અને મોકડ્રિલ દરમિયાન બિનજરૂરી ભીડ એકઠી ન કરી તંત્રને સહયોગ આપવા મ્યુનિસિપલ કમિશનર શ્રી ડી.એન.મોદી દ્વારા કરાતી અપીલ.જામનગર, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તા.૭ મેના રોજ નાગરિક સંરક્ષણ મોક ડ્રીલ હાથ ધરવા માટે નિર્દેશ આપ્યો હતો. જેના અનુસંધાને જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ તથા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ દ્વારા મોકડ્રીલના આયોજન અંગે મહત્વપૂર્ણ બેઠક યોજી સૂચિત એક્શન પ્લાનની સમીક્ષા કરી હતી. બેઠક બાદ અધિકારીઓ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજી મોકડ્રિલ અંગેની વિગતો જાહેર કરાઈ હતી.

કટોકટીની સ્થિતિમાં નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય એ માટે આયોજિત બેઠક અને પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કલેક્ટર કેતન ઠક્કરે જણાવ્યું હતું કે, મોકડ્રીલ દ્વારા આપત્તિ દરમિયાન ઝડપી પ્રતિસાદ માટે તંત્ર તથા નાગરિકો બંને તૈયાર રહે એ મુખ્ય હેતુ છે. તા.૭મીએ સાંજે ૪ થી ૮ વાગ્યા દરમિયાન મોકડ્રીલ યોજાશે. સાંજે ૪ વાગ્યે સાયરન વાગશે. રાત્રે ૮ થી ૮:૩૦ દરમિયાન સમગ્ર જિલ્લામાં બ્લેક આઉટ કરવામાં આવશે. સંભવિત યુદ્ધની સ્થિતિમાં નાગરિકોને સુરક્ષિત અને જાગૃત્ત રાખવા માટે મોકડ્રીલ યોજાવાની હોવાથી નાગરિકોએ ભયભીત ન થવા, અફવાથી દૂર રહેવા તેમજ તંત્રને ઉચિત સહયોગ આપવા તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું.મોકડ્રીલ એ માત્ર લોકોને સતર્ક અને જાગૃત્ત કરવાનો સામૂહિક પ્રયાસ છે તેમ જણાવી કલેક્ટરએ ઉમેર્યું કે, સુરક્ષા તંત્ર અને નાગરિકોની પૂર્વ તૈયારીનો ઓપરેશન અભ્યાસનો હેતુ છે.જેમાં કટોકટીની સ્થિતિમાં સંભવિત હવાઈ હુમલા, આગ જેવા કિસ્સામાં બચાવની કામગીરી, ઈજાગ્રસ્તોને હોસ્પિટલ લઈ જવાની વ્યવસ્થા, ફસાયેલાં વ્યક્તિઓને સુરક્ષિત સ્થળે લઈ જવાની કામગીરી કરવામાં આવશે. દરમિયાન ઈમરજન્સી સેવાઓ શરૂ રહેશે.મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદીએ જણાવ્યું કે, શહેરી વિસ્તારના વિવિધ સ્થળો તેમજ એકમોમાં સાયરન વાગશે. સાંજે ૮ થી ૮:૩૦ના બ્લેક આઉટ દરમિયાન શહેર જિલ્લાની સ્ટ્રીટ લાઈટ્સ,આઉટડોર ડિસ્પ્લે બોર્ડસ, હોર્ડિંગ્સ, દુકાનો શોરૂમ્સની નિયોન સાઈન લાઇટ્સ, ઇન્ડસ્ટ્રીઝની લાઈટ્સ, ઘરની લાઈટ્સ બંધ રહેશે.તેમને લોકો ઘરના બલ્બ, ટ્યૂબલાઈટ્સ સ્વયંભૂ બંધ રાખે તેવી અપીલ કરી હતી.તેમજ મોકડ્રિલ દરમિયાન નાગરિકો બિનજરૂરી ભીડ ન કરે તે માટે પણ અનુરોધ કર્યો હતો.પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુએ કહ્યું કે, જાહેર સલામતી માટે યોજાનાર મોક ડ્રિલ માટે પોલીસ તંત્ર સજ્જ છે.આ દરમિયાન લોકોએ ભયભીત થયા વિના તંત્રને સહયોગ આપવા તેઓએ અપીલ કરી પોલીસ તંત્રની તૈયારીઓ વિશેની વિગતો આપી હતી.વધુમાં તેઓએ કહ્યું કે પોલીસ વિભાગ દ્વારા વિવિધ ટીમો બનાવાઈ છે જે લોકોને જાગૃત કરશે.સાથે જ મોકડ્રિલ અંગેની માર્ગદર્શિકાનું પાલન થાય તે માટે ડ્રોન સહિતના સંસાધનો વડે ચકાસણી પણ હાથ ધરાશે તેમ જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, સર્વે પ્રાંત અધિકારી સહિત આર્મી, એરફોર્સ, નેવી, આરોગ્ય, ફાયર, માર્ગ અને મકાન વિભાગ, પુરવઠા વિભાગ, પાણી પુરવઠા, બી.એસ.એન.એલ, આર.ટી.ઓ, એસ.ટી, સહિતના મહત્વના વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.નાગરિક સંરક્ષણ તાલીમ અંતર્ગત નિમ્ન બાબતો પર મોકડ્રિલ થશે.હવાઈ હુમલા દરમિયાન નાગરિકોને ચેતવણી આપવા માટે સાયરન વગાડવું.નાગરિકો, વિદ્યાર્થીઓ વગેરેને દુશ્મન દેશ દ્વારા હુમલાના કિસ્સામાં સ્વ બચાવ અને સલામતીના ધોરણો અપનાવવા માટે તાલીમ પ્રદાન કરવી.હુમલાના કિસ્સામાં કેવી રીતે બચવું? તેના પગલાં વિશે લોકોને માહિતી અને તાલીમ આપવી.યુદ્ધના સમયે મહત્વના સ્થળો/સ્થાપત્યોને હુમલાથી બચાવવાનો પ્રયાસ કરવો અને તેના માટે તાલીમ આપવી.હુમલાના કિસ્સામાં ઈવેક્યુએશન પ્લાનનો અમલ અને રિહર્સલ કરવા.સુરક્ષાનું સાયરન આટલું ધ્યાન રાખો.સાયરન વાગે ત્યારે ગભરાશો નહીં, શાંત રહીને સુરક્ષા વ્યવસ્થાનું પાલન કરશો.૫ થી ૧૦ મિનિટ માટે સુરક્ષિત સ્થાન પર જતા રહો.ટીવી, રેડિયો અને સરકારી ચેતવણીઓ પર ધ્યાન આપો.અફવાઓ પર ધ્યાન ન આપો. ફક્ત સત્તાવાર માહિતી પર વિશ્વાસ કરો.જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરો.

## વાંકાનેર વરમોરા કારખાનાની છત ઉપરથી પડી ગયેલ શ્રમિકનું રાજકોટ ખાતે સારવારમાં મૃત્યુ

મળતી માહિતી અનુસાર, રણજીતભાઈ જેન્તીભાઈ સોંદરવા ઉવ.૩૦ રહે.ગામ અકાળા ગીર તા.માળીયા હાટીના જી. જુનાગઢ હાલ રહે.ઢુવા ગામ વરમોરા ટાઇલ્સ કારખાના વાળો ગઈ તા.૧૯/૦૪ ના રોજ રાત્રીના વરમોરા ટાઈલ્સ કારખાનામાં કામ કરતા હતા ત્યારે છત ઉપરથી નીચે પડી જતા તેમને માથાના ભાગે તથા છાતીના ભાગે ગંભીર ઈજા થયેલ જેથી, જેની પ્રાથમિક સારવાર મોરબીની ખાનગી હોસ્પિટલમાં કરી, વધુ સારવાર રાજકોટની ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હોય જ્યાં ચાલુ સારવાર દરમિયાન ફરજ ઉપરના ડોક્ટરે જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કરેલ હતું, જેથી પ્રાથમિક પંચનામું કરી રાજકોટ પોલીસે કાગળો બનાવી વાંકાનેર તાલુજ પોલીસમાં રવાના કર્યા હતા, જે અત્રેના તાલુકા પોલીસ મથકે પહોચતા, મૃત્યુના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ. મોતનો નોંધ કરી છે.

## વાંકાનેરના રંગપર ગામે કારખાનામાં કામ દરમિયાન છાતીમાં દુખાવા બાદ સારવારમાં શ્રમિકનું મૃત્યુ

વાંકાનેર તાલુકાના રંગપર ગામ પાસે આવેલ મેસરીયા ગામ બસ સ્ટેન્ડ પાછળ મેનેક્સ કંપોઝાઈટ એલ.એલ.પી નામના કારખાનામાં કામ કરતા શ્યામશીંગ રાજારામ યાદવ ઉવ-૪૦ રહે.હાલ રહે.પ્લોટ નંબર સર્વે નંબર ૨૨૪૧૨૫ મેસરીયા બસ સ્ટેન્ડની પાછળ રંગપર ગામ તા. વાંકાનેર મૂળ નીજામપુર આજમગઢ નીજામાબાદ ઉત્તરપ્રદેશ વાળાને ગઈ તા.૦૧/૦૫ના રોજ સવારે છાતીમાં દુખાવો ઉપડતા, તેને કુવાડવા સર્વોદય મલ્ટી હોસ્પિટલ ખાતે સારવારમાં લઈ જવામાં આવ્યો હતો,

જ્યાં ચાલુ સારવાર દરમિયાન તારીખ ૦૧/૦૫/૨૦૨૫ બપોરના ૧૩/૩૦ વાગ્યે ફરજ પરના ડોક્ટરે શ્યામસીંગને મરણ જાહેર કરતા સનાગર બનાવ મામલે પ્રથમ કુવાડવા પોલીસે અ. મોતની નોંધ કરી બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફોરવર્ડિંગ કાગળો મોકલતા, જે આધારે વાંકાનેર તાલુજ પોલીસે અ. મોત રજીસ્ટર કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

## વાંકાનેરના કોટડાનાયાણી ગામે ઘરે ઈલે.મોટર ચાલુ કરતા વીજશોકથી પડી ગયેલા યુવકનું સારવાર દરમિયાન મોત

વાંકાનેર તાલુકાના કોટડાનાયાણી ગામે રહેતા મામદભાઈ અલારખાભાઈ સમા ઉવ.૪૦ ગઈકાલ તા.૦૬/૦૫ના રોજ પોતાના ઘરે હોય ત્યારે બોરની ઈલેક્ટ્રીક મોટર ચાલુ કરવા જતા, જે સ્વીચમા અચાનક વીજશોક લાગતા મામદભાઈ નીચે પડી ગયા હતા, જેથી તેમને માથામા ગંભીર ઇજા થતા પરિવારજનો તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા, જ્યાં ચાલુ સારવાર દરમિયાન મામદભાઈનું મૃત્યુ નીપજ્યું હતું, જેથી મૃત્યુના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ. મોત રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હળવદ-માળીયા બાયપાસ રોડ નજીક ઈકોમાં વિદેશી દારૂની ૮૩ બોટલ લઈ નીકળેલ બે પકડાયા

**મુખ્ય સમાચાર,હળવદ**


હળવદ પોલીસે બાતમીને આધારે હળવદ-માળીયા બાયપાસ રોડ ઉપર આવેલ ત્રણ રસ્તા નજીક ઈકો કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા બે ઈસમોને ઝડપી લીધા હતા, આ સાથે પોલીસે વિદેશી દારૂ તથા ઈકો કાર સહિત ૩.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈને બન્ને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

હળવદ પોલીસ મથક ટીમને બાતમી મળેલ કે ધ્રાંગધ્રાના બે ઈસમો ઈકો કાર રજી.નં. જીજે-૩૬-એએફ-૦૭૯૫માં વિદેશી દારૂની હેરાફેરી કરવા દારૂ લઈને નીકળવાના છે, જેથી પોલીસે હળવદ-માળીયા બાયપાસ રોસ ત્રણ રસ્તા પાસે વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન ઉપરોક્ત ઈકો કાર નીકળતા, તેને રોકી તેની તલાસી લેતા તેમાં વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૮૩ નંગ બોટલ કિ.રૂ.૮૩૦૧૨/- મળી આવી હતી, આ સાથે પોલીસે આરોપી સદામભાઈ હાસમભાઇ ઓઠા ઉવ ૨૮ રહે.ધ્રાગધ્રા માજી સૈનીક સોસાયટી જી.સુરેંદ્રનગર તથા આરોપી અલ્તાફભાઇ મુબારકભાઈ હિંગોરજા ઉવ.૨૫ રહે-ધ્રાગધ્રા માજી સૈનીક સોસાયટી કુડા ફાટક પાસે જી.સુરેંદ્રનગર વાળાની સ્થળ ઉપરથી અટકાયત કરી હતી, હાલ પોલીસે ઈકો કાર તથા વિદેશી દારૂ સહિત ૩,૩૩,૦૧૨/-નો મુદ્દામાલ કબ્જે લઈને બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## ગીર ગઢડાના ઉમેદપરા ગામે પડેલા કમોસમી વરસાદમાં નાળિયેરીના ઝાડ પર વીજળી પડી

**મુખ્ય સમાચાર,ઉના**
**અબ્દુલ પઠાણ**

ઉનાગીર ગઢડા તાલુકામા મોસમી ભારે વરસાદ અને પવન ફૂંકાયો વિજણીના કડાકા ભડાકા થયા સાથે વરસાદ થયો આંખ મોસમી વરસાદને કારણે ખેડૂતોના જીવ ટાળવે ચોટ્યા આ વરસાદને કારણે ખેડૂતોના ઉભા પાકને પણ ભારે નુકસાન થયું છે ત્યારે જ્યારે અનેક વિસ્તારોમાં ગોઠણ સમા પર પાણી ભરાયા ખેડૂતોના ખેતરમાં પણ પાણી ઘુસિયા આ વરસાદને કારણે કેરીના પાકને પણ ભારે નુકસાન થયું છે ત્યારે વીજળીના ભડાકા ભડાકા થયા જ્યારે ઉમેદપુરા ગામે રહેતા નાગજી ભાઈ ધાનાણીની વાડીમાં આવેલ નાળિયેરીના ઝાડ ઉપર વીજળી પડતા નાળિયેરી ભડભડ સળગી ઊઠી ઉડતા થોડીવાર માટે તો. આજુબાજુ વિસ્તારના રહેતા લોકોનો પણ આવીજણી પડતા જીવ તાળવે ચોટી હોતો ઓ ધાબા પરથી નીચે ઉતર્યા વીજળીનો પણ ભયંકર અવાજથી આજુબાજુ વિસ્તાર



અને ગ્રામ્ય વિસ્તારમાં પણ આ ભારે વીજળી નો અવાજ આવ્યો નારીયેળી પર પડી અને નારીયેલી સળગી ઊઠી

## નુરાનીપરામા ગાડી જોઈને ચલાવવાનું કહેતા બાઈકચાલક ઉપર બોલેરો ડ્રાઈવરનો હુમલો

**જુદા-જુદા બે સ્થળે પરિણીતા અને યુવાનને માર પડયો**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં આવેલા નુરાનીપરામા રહેતો યુવાન બાઈક લઈને ઢોલરા ચોકડી પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે રોંગ સાઈડમા ધસી આવેલા કાર ચાલકને જોઈને ચલાવવાનુ કહેતા કાર ચાલકે બાઈક ચાલક યુવાનને માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયો હતો.

આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં આવેલા નુરાનીપરામાં રહેતો શિરાજ અજીમભાઈ સોસા નામનો ૨૫ વર્ષનો યુવાન બાઇક લઈને સાંજના છએક વાગ્યાનાં અરસામા ઢોલરા ચોકડી પાસેથી પસાર થઈ રહ્યો હતો

ત્યારે રોંગ સાઈડમા ધસી આવેલા કાર ચાલકને જોઈને ચલાવવાનુ કહેતા કાર ચાલકે બાઈક ચાલક યુવાનને માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવ્યો હતો.

અન્ય બનાવમા કણકોટના પાટીયા પાસે ઝુપડપટ્ટીમાં રહેતી ચંદ્રીકાબેન રાજુભાઈ વાઘેલા નામની ૩૦ વર્ષની પરણીતા સાથે અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી છુટી ઈંટ મારી હતી. જયારે મોરબી રોડ પર આવેલા ઓમનગરમાં રહેતા રસીકભાઈ રવજીભાઈ ખીમસુરીયા (ઉ.વ. ૪૩) તેના ઘરે હતો ત્યારે તેના નાનાભાઈ સમીરે પાઈપ વડે માર માર્યો હતો. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## હેપ્પી બર્થ-ડે વિરાંશ



હેલ્લો ... મારુ નામ વિરાંશ બગડા છે . આજે મારો જન્મદિવસ છે. મારા પપ્પાનું નામ વિજયભાઈ (પત્રકાર) તથા મમ્મીનું નામ સોનલબેન છે. હું મારા દાદા છગનભાઈ, દાદી પ્રભાબેન, કાકા વિવેકભાઈ, ફઈ ઉર્મિલાબેન, કૃપાબેન અને ક્રિષ્નાબેનનો લાડકો છું. આજે મારા ઘરે મારા બર્થડેની પાર્ટી રાખી છે. જેમાં હું કેક કાપીશ, ચોકલેટ તથા આઇસ્ક્રીમ ખાઇશ અને મારા મિત્રો વિવાન,સ્મિત અને કિયાંશ સાથે તોફાન - મસ્તી કરીશ તમે આવશો ને મારી બર્થડે પાર્ટીમાં... ઓ.કે..બાય બાય

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શુભમ ત્રિવેદીની પત્નીએ કહ્યું: મોદીજી... તમે ઓપરેશન સિંદૂર’ નામ આપીને અમારા હૃદયને સ્પર્શી ગયા

## પહેલગામ હુમલામાં માર્યા ગયેલા શુભમ ત્રિવેદીની પત્ની ઐશન્યાએ વડાપ્રધાન મોદીનો આભાર માન્યો અને કહ્યું કે બદલો લેવામાં આવ્યો છે





**મુખ્ય સમાચાર, કાનપુર**

પહેલગામ હુમલાના ૧૪ દિવસ પછી ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. પહેલગામ આતંકવાદી હુમલામાં કાનપુરના શ્યામ નગરના રહેવાસી શુભમ દ્વિવેદીનું પણ મોત થયું હતું. પાકિસ્તાન પર હવાઈ હુમલા પછી, શુભમની પત્ની ઐશન્યાએ કહ્યું કે શુભમ આજે જ્યાં પણ છે, તેને થોડી શાંતિ મળી હશે. મને વિશ્વાસ હતો કે વડાપ્રધાન મોદી બદલો લેશે. તેમણે આ શ્રદ્ધાને જીવંત રાખી. ઐન્યાએ કહ્યું કે ઓપરેશન સિંદૂરનું નામ સાંભળતા જ તે રડવા લાગી. તેણીએ કહ્યું કે પ્રધાનમંત્રીએ આ ઓપરેશનને આપેલું નામ મારા જેવી બધી ૨૬ મહિલાઓના હૃદયને સ્પર્શી ગયું.

તેણે કહ્યું કે શુભમ ગયા પછી ઘરમાં કોઈ સૂતું નથી. મંગળવારે રાત્રે પણ અમે બધા જાગતા હતા. પછી અમે સૂઈ ગયા, પછી લગભગ ૨ વાગ્યે પપ્પાના મોબાઈલ પર ફોન આવ્યો અને કહેવામાં આવ્યું કે ભારતે કાર્યવાહી કરી છે. પછી અમે બધા એક જ રૂમમાં ટીવી સામે બેઠા. અમે આખી રાત ટીવી સામે જ ચોંટી ગયા. ઓપરેશન સિંદૂર નામ જોઈને હું રડવા લાગ્યો. મોદીજી મારા જેવી બધી ૨૬ મહિલાઓના હૃદય સાથે જોડાયેલા છે.

શુભમ ત્રિવેદીની પત્નીએ કહ્યું, મારા પતિના મૃત્યુનો બદલો લેવા બદલ હું પીએમ મોદીના આભાર માનવા માંગુ છું. મારા આખા પરિવારને તેમનામાં વિશ્વાસ હતો અને તેમણે (પાકિસ્તાનને)જે રીતે પ્રતિક્રિયા આપી તેનાથી અમારો વિશ્વાસ અકબંધ રહ્યો છે. આ મારા પતિને સાચી શ્રદ્ધાંજલિ છે . મારા પતિ જ્યાં પણ હશે, આજે તેમને શાંતિ મળશે.

ઐન્યાએ કહ્યું કે તે આ ઓપરેશનમાં સામેલ તમામ લોકો, આપણા સૈન્ય કર્મચારીઓ અને અન્ય લોકોનો આભાર માનવા માંગે છે. અમે આખી રાત આ ઓપરેશનમાં સામેલ અમારા સૈનિકો માટે પ્રાર્થના કરતા રહ્યા. મને વિશ્વાસ હતો કે તે બદલો લેશે. આતંકવાદ ગમે ત્યાં હોય, તેનો અંત આવવો જ જોઈએ. આજે, જે રીતે આપણે પાકિસ્તાનમાં ઘૂસીને તે જગ્યાનો નાશ કર્યો, તેનાથી આપણે બતાવી દીધું છે કે આપણે આ કરી શકીએ છીએ. હું મોદીજીનો આભાર માનું છું.

# મસૂદ અઝહરના આતંકી કેમ્પનો સફાયો

## ઓપરેશન સિંદૂરમાં મોસ્ટ વોન્ટેડ આતંકવાદી મસૂદ અઝહરના પરિવારના ૧૪ સભ્યોના મોત

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

થોડા સમય પહેલા જ મૌલાના મસૂદ અઝહરની મદરેસા પર ચાર મિસાઈલો છોડવામાં આવી છે. અત્યાર સુધીમાં મોટી સંખ્યામાં જવાળાઓ પ્રગટાવવામાં આવી છે. મોટી સંખ્યામાં પોલીસકમીઓ આવી પહોંચ્યા છે. આખું આકાશ લાલ થઈ ગયું છે. હું છે. મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. તેમને બહાવલપુરની વિકટોરિયા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. બચાવ કામગીરી ચાલુ છે. સ્પષ્ટ છે કે ચાર વિસ્ફોટ થયા છે. આખું મદરેસા નાશ પામ્યું છે. મારુંઘર પણ મુસૂદ અઝહરની મદરેસાથી બે કિલોમીટર દૂર છે. વિસ્ફોટની અસર અમારા વિસ્તાર પર પણ પડી છે. ગનપાઉડરની ગંધ આવે છે. આ અમારા તરફથી નથી. પાકિસ્તાની રિપોર્ટર પોતે આ પરિસ્થિતિનું વર્ણન કરી રહ્યા છે. બહાવલપુર રિપોર્ટર વિગતવાર જણાવી રહ્યા છે કે જ્યારે ભારતે મધ્યરાત્રિએ આતંકવાદી મૌલાના મસૂદ અઝહરના મદરેસા પર મિસાઇલો ચલાવી ત્યારે શું થયું.

આપણી સેનાએ જમીન, પાણી અને આકાશમાંથી મિસાઈલો છોડી. મૌલાના મસૂદ અઝહરના ઠેકાણા પર છોડવામાં આવેલી મિસાઈલો રાફેલમાં ફીટ કરાયેલી ખોપરી ઉપરની ચામડી હોઈ શકે છે.



જોકે, બીજી તરફ, પાકિસ્તાનનું પ્રચાર મશીન સક્રિય થઈ ગયું છે. ગાઝાનો વીડિયો પાકિસ્તાનનો હોવાનો દાવો કરીને, ખોટો પ્રચાર ફેલાવવામાં આવી રહ્યો છે કે બાળકો માર્યા ગયા છે. બીજી તરફ, પાકિસ્તાની ચેનલો પોતે બતાવી રહ્યા છે કે મદરેસામાં પહેરવામાં આવતા ગણવેશ પહેરેલા લોકો ઘાયલ થયા છે, જે જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી હોવા જોઈએ. હોસ્પિટલની બહાર અંધાધૂંધી છે. પાકિસ્તાની સેનાએ સત્ય છુપાવવા માટે રસ્તાઓ પર બેરિકેડ લગાવી દીધા છે. કેટલાક પાકિસ્તાનીઓ સોશિયલ મીડિયા પર લખી રહ્યા છે કે દુનિયાને ખબર હોવી જોઈએ કે ભારતે જ તેની શરૂઆત કરી હતી. અને લોકોને પૂછી રહ્યા છે કે આ ક્યાંથી આવ્યું છે. બીજી તરફ, પાકિસ્તાની સેનાની પ્રચાર શાખા ના એ સ્વીકાર્યું છે કે છ સ્થળોએ ૨૪ મિસાઇલ હુમલા થયા છે જેમાં ૮ લોકો માર્યા ગયા છે અને ૩૫ થી વધુ ઘાયલ થયા છે.

વધુમાં ભારતીય સેનાના ઓપરેશન સિંદૂરમાં મસૂદ અઝહરના પરિવારના ૧૪ લોકો માર્યા ગયા હોવાના સમાચાર મળ્યા છે. તેમજ મસૂદ અઝહરનો આતંકવાદી ભાઈ રઉફ અસગર પણ ગંભીર રૂપે ઘાયલ થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. મૃતકોની યાદીમાં મસૂદ અઝહરનો ભાઈ અને ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકી રઉફ અસગરનો પુત્ર હુઝૈફા પણ સામેલ છે. તેમજ રુઉફ અસગરના ભાઈની પત્નીનું પણ મોત થયુ હોવાના અહેવાલો મળ્યા છે. મસૂદ અઝહરે પોતે આ મુદ્દે ખાતરી કરી છે.

# ધોરાજી પાસે પીજીવીસીએલ ટીમની કાર પલટી ખાઈ જતા ચારના મોત, બે ગંભીર

## સુપેડી પાસે ઈનોવા કાર ચાલકે કાબુ ગુમાવતા ઝાડ સાથે અથડાઈ: ચેકિંગમાં જતી ટીમોના ચાર કેમેરામેનના મૃત્યુ: ઈજાગ્રસ્ત બેને જૂનાગઢ ખસેડાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ધોરાજી તાલુકામાં વીજ ચેકિંગમાં નીકળેલી પીજીવીસીએલની ટીમો સાથે વીડિયોગ્રાફી માટે જઈ રહેલી ઈનોવા કાર સુપેડી ગામ પાસે પલટી ખાઈ જતાં કારમાં સવાર ચાર કેમેરામેનના મૃત્યુ નિપજ્યા હતા. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા બે વ્યક્તિને પ્રથમ ધોરાજી ત્યાંથી વધુ સારવાર અર્થે જૂનાગઢ રીફર કરાયા હતા. ધોરાજી પોલીસ તથા પીજીવીસીએલનો સ્ટાફ પણ બનાવ સ્થળે પહોંચ્યો હતો. ઈનોવા કાર ચાલકે કાર ડિવાઈડર સાથે અથડાતા સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતા ગમખ્વાર અકસ્માત સર્જાયાનું પોલીસને પ્રાથમિક તબક્કકે જાણવા મળ્યું હતું.

ધોરાજીથી સવારે ૩૦થી વધુ ટીમો તાલુકામાં વીજ ચેકિંગમાં અલગ-અલગ વાહનોમાં નીકળી હતી. ચેકિંગ દરમિમયાન સાથે વીડિયોગ્રાફી માટે ખાનગી કેમેરામેન પણ જે તે ટીમની સાથે રહેતા હોય છે.





ચેકિંગ માટે પીજીવીસીએલની ટીમો સાથે જી.જે.૧૧-એ.બી.૫૧૭૧ નંબરની ઈનોવા કારમાં કેમેરામેન પણ જતાં હતા. કાર ધોરાજી બહાર નીકળી સુપેડી ગામ પાસે પહોંચતા કાર હાઈ-વે પર ડિવાઈડર સાથે અથડાઈ હતી. કાર સ્પીડમાં હોવાથી અને ડિવાઈડર સાથે ટકરાતા ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. કાર રોડ પરથી નીચે ઉતરી અંદર મુસાફરી કરી રહેલા છને ગંભીર ઈજા થતાં સારવારમાં ખસેડાયા હતા જેમાં ચાર વ્યક્તિ ધોરાજીના વલ્લભભાઈ ધીરજભાઈ રૂઘાણી (ઉ.વ.૫૭), કિશોરભાઈ ચંદુભાઈ હિરાણી (ઉ.વ.૬૪), આફતાબભાઈ આશીફભાઈ પઠાણ અને જૂનાગઢના મહંમદભાઈના મૃત્યુ નિપજ્યા હતા. અકસ્માતના પગલે ચેકિંગ ટીમોમાં ભારે ગમગીની છવાઈ ગઈ હતી.

# જંકશન પ્લોટમાં પાંચ કિલો ગાંજા સાથે એમપીનો શખ્સ ઝડપાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ઉડતા રાજકોટ જેવી સ્થિતિ સર્જાતી હોય અને શાળા કોલેજ ની આસપાસના વિસ્તારોમાં માદક પદાર્થોનું પૂરજોશમાં વેચાણ થતું હોવાની વાતમી ના આધારે પોલીસે પેડલરો સામે લાલઆંખ કરી છે ત્યારે શહેરના જંકશન પ્લોટ માંથી પાંચ કિલો ગાંજા ના જથ્થા સાથે મધ્ય પ્રદેશના સક્ષને પોલીસે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે

આ અંગેની માહિતી મુજબ એસ.ઓ.જી શાખાના એસએમ જાડેજા ની સૂચનાથી પીએસઆઇ એસબી ધાસુરા ની ટીમના માણસો વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન જંકશન પ્લોટ શેરી નંબર ૧૫ માં આવેલ લોહાણા ચાલ ની સામે જાહેર રસ્તા પર એક પરપ્રાંતિય ઈસમ શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી તલાસી લેતા તેની પાસેથી પાંચ કિલો ગાંજો એક મોબાઈલ અને એક થેલો સહિત કુલ રૂપિયા ૫૫,૬૦૦ નો મુદ્દામાલ સાથે દબોચી લઈ નામ પૂછ્તા પોતે મધ્યપ્રદેશના બીજોરી ગામનો વતની મુકેશ ભગવાનદાસ તિવારી હોવાનું જણાવ્યું હતું પોલીસે આ ઈસમની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે

# ’નીટ’ની પરીક્ષામાં માર્કસ વધારી આપવાની લાલચે અનેક વાલીઓને છેતરનાર ઝડપાયો

## જેતપુરના વ્યક્તિ પાસેથી ૩૦ લાખ પડાવી લેનાર એક પકડાયો, ચારની શોધખોળ: આખો ખેલ ૨૦૨૪માં કાલાવડ રોડ પરની રોયલ એકેડેમીમાંથી શરૂ થયો હતો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલી રોયલ એકેડેમીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીના પિતા પાસેથી ’નીટ’ની પરીક્ષામાં સારા માર્કસ અપાવી દેવાની લાલચ આપી ૩૦ લાખ પડાવી લેનારી ગેંગના મુખ્ય સૂત્રધારને ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડયો હતો. બેંગ્લુરુનો શખ્સ સહિત ચાર હજુ ફરાર હોય તેની શોધખોળ ચાલી રહી છે.

આ અંગે ની જાણવા મળતી વિગતો મુજબ જેતપુરમાં રહેતા તુષાર અરવિંદભાઈ વેકરિયાની ફરિયાદના આધારે ક્રાઈમ બ્રાન્ચે રાજકોટના વિપુલ મુળશંકર તેરૈયાને દબોચી લીધો હતો. આ આખોયે ખેલ કાલાવડ રોડ પર આવેલી રોયલ એકેડેમીમાંથી શરૂ થયો હતો. તુષારભાઈનો પુત્ર દ્વિજ રોયલ એકેડેમીમાં અભ્યાસ કરતો હોય



એકેડેમીના ચેરમેન રાજેશ પેથાણીએ નીટની પરીક્ષામાં સારા માર્કસ અપાવી દેવાની વાત કરી ઉદેપુર (રાજસ્થાન)ના ધવલ સંઘવીનો સંપર્ક કરાવ્યો હતો.

ધવલ સંઘવીએ તુષારભાઈ સાથે વાત કરીને ૬૦ લાખ રૂપિયા માંગ્યા હતા પરંતુ આટલા પૈસાની સગવડ ન થઈ શકે તેમ હોવાથી દસ લાખમાં નક્કી થયું હતું. આ પછી તુષારભાઈએ રાજેશ પેથાણીને એપ્રિલ-૨૦૨૪ના પ્રથમ સપ્તાહમાં દસ લાખ અને એપ્રિલના અંતમાં બીજા ૨૦ લાખ મળી કુલ ૩૦ લાખ રૂપિયા આપ્યા હતા. આ પછી દ્વિજનું પરીક્ષા સેન્ટર કર્ણાટકનું બેલગાવ આવ્યું હતું. અહીં દ્વિજે પરીક્ષા આપતાં તેને ૪૬૦ માર્કસ આવ્યા હતા એટલા માટે ધવલ સહિતનાએ પૈસા લીધા બાદ પણ કશું ઉકાળ્યું ન હોવાનું લાગતાં જ તુષારભાઈએ પૈસાની ઉઘરાણી શરૂ કરી હતી પરંતુ ધવલ સંઘવીએ ૩૦ લાખ -પિયા વિપુલ તેરૈયા અને તેના ભાઈ પ્રકાશ તરૈયાને આપી દીધા હોવાનો જવાબ આપ્યો હતો.

આ પછી રાજેશ પેથાણીની રોયલ એકેડેમી ઉપર ત્રણેયની મુલાકાત કરતા ત્રણેયે પૈસા કર્ણાટકના મનજીત જૈનને આપ્યા હોવાનું કહ્યું હતું. એકંદરે રાજેશ પેથાણી, ધવલ સંઘવી, વિપુલ તેરૈયા, પ્રકાશ તેરૈયા અને મનજીત જૈન પૈસા પરત આપવામાં ગલ્લાતલ્લા કરતા હોય આખરે ફરિયાદ નોંધાવી હતી.

# મીઠાપુર(ડુંગરી) ગામમાં એકસાથે ચાર દલિત યુવાનોની સ્મશાનયાત્રા નીકળતા ગ્રામજનો હિબકે ચડયા



**મુખ્ય સમાચાર, ચલાલા**

ધારી તાલુકા ના ચલાલા નજીક આવેલ મીઠાપુર(ડુંગરી) ગામના દલીત સમાજના એકી સાથે ચાર આશા સ્પદ યુવાનો અમરેલી પાસે આવેલ ગાવડકા ની શેત્રુજી નદીના પાણીમા ન્હાવા પડેલ તેમા ઊંડા પાણી મા ગરકાવ થતા અકસ્માતે ચારેય યુવાનો ના સાંજ ના કરુણ મોત નીપજીયા હતા.સવારે યુવાનો સાગર ખોડાભાઈ દાફસા, ભાર્ગવ રમેશભાઈ રાઠોડ, નરેન્દ્ર પ્રેમજીભાઇ વાળા, અને કૌશિક મુળજીભાઇ રાઠોડની સ્મશાનયાત્રા નીકળી હતી.

ચારેય હતભાગી યુવાનોની એકીસાથે ટ્રેક્ટરમા સ્મશાન યાત્રા નીકળી ત્યારે ચલાલા-મીઠાપુર હિબકે ચડયુ હતુ..અને એકી સાથે ચારેય યુવાનો ની દફન વીધી કરવામા આવતા ઉપસ્થિત હજ્જારો લોકોની પાપણ ભીની થઈ ગઈ હતી...ગત તા.૨૪,૫, ૨૦૦૯ ના મીઠાપુર(ડુંગરી) ના સેવાભાવી શિક્ષક મનસુખભાઇ ચોહાણ પરીવાર સાથે ઉત્તરાખંડ મૈસૂરી વેકેશન મા સોમનાથ ટ્રાવેલ્સ ની બસમા ફરવા ગયેલ ત્યારે મૈસૂરી મા બસ અકસ્માત મા મનસુખભાઇ ચોહાણ તેમના પત્ની અને નાના તેમના બાળક નુ મૃત્યુ થયા હતા.ત્યારે પણ એકજ દલીત પરીવાર માથી એકી સાથે ત્રણ અર્થી ઉઠતા ચલાલા-મીઠાપુર મા નીકળતા ગમગીની સાથે અરરાટી છ્વાઈ ગઈ હતી.

# ચુનારાવાડ ચોક પાસેથી ૨૪૦ બોટલ દારૂ સાથે મહિલા ઝડપાઈ

## એક લાખનો મુદ્દામાલ જપ્ત; એક શખ્સનું નામ ખુલ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના ચુનારાવાડ ચોક પાસેથી સ્કુટરમાં દારૂની હેરાફેરી કરતી મહિલાને ઝડપી લેવાઈ હતી તેની પાસેથી દારૂની ૨૪૦ બોટલ સહિત રૂા.૧ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. તેમજ આરોપીની પુછપરછમાં ચુનારાવાડ ચોકના શખ્સનું નામ ખુલતાં તેની શોધખોળ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. થોરાળા પોલીસ સ્ટેશનમાં પીઆઈએનજી વાઘેલા, પી.એસ. આઈ. એમ.એસ. મહેશ્વરી, પીએસઆઈ એ.પી.રતન, એએસઆઈ દેવશીભાઈ ખાંભલા, રાજેશભાઈ મેર, હસમુખભાઈ મીણામા, ધર્મેન્દ્રભાઈ કુંચાલા, ઈમરાનભાઈ ચુડાસમા અને હરપાલસિંહ વાઘેલા સહિતના સ્ટાફે બાતમીના આધારે ચુનારાવાડ શેરી નં.૧ પાસેથી માજોઠીનગરના ખુણા પાસે રહેતી રીટાબેન જીતેશભાઈ સિતાપરા (ઉ.૩૫)ને પકડી તેની પાસેથી અલગ અલગ બ્રાંડની ૨૪૦ દારૂની બોટલ કબજે કરવામાં આવી હતી. આરોપી રિટાબેન પોતાના સ્કુટર પર દારૂની હેરાફેરી કરતાં હોવાનું માલુમ પડયું હતું. આ ઘટનામાં તેમની પાસેથી રૂ.૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે તેની પુછપરછમાં ચુનારાવાડ શેરી નં.૧માં રહેતા સુનિલ કિશનભાઈ સોલંકીનું નામ ખુલતાં તેમની શોધખોળ કરવામાં આવી રહી છે.

# અર્જુન પાર્કમાં કારખાનેદારને ચક્કર આવતા નીચે પટકાયા: બ્રેઈન હેમરેજ થઈ જતાં મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલા અર્જુન પાર્કમાં રહેતા કારખાનેદાર યુવાનનું ચક્કર આવતા પડી જવાથી બ્રેઈન હેમરેજ થઈ જતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ. એકના એક પુત્રના મોતથી પરિવારજનોમાં ગમગીની છ્વાઈ જવા પામી છે.

જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા રોડ પર અર્જુનપાર્કમાં રહેતા નિખીલભાઈ તુલસીભાઈ સોજીત્રા (ઉ.વ.૩૬) નામનો યુવાન ગત તા.૪ના રાત્રે પોતના ઘરે હતો ત્યારે અચાનક ચક્કર આવતા પડી જવાથી માથાના ભાગે ગંભરી ઈજા થતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયા તબીબો દ્વારા બ્રેઈન હેમરેજ થઈ ગયાનું જણાવી સારવાર શરૂ કરવામાં આવી હતી. પરંતુ સારવાર દરમિયાન આજે તેનું હોસ્પિટલના બીછાને મોત નીપજ્યું હતુ. આ અંગે ભકિતનગર પોલીસ મથકના હિરાભાઈ સહિતના સ્ટાફે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હિોસ્પટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક નિખીલભાઈ સોરઠીયા વાડી સર્કલ પાસે આવેલા પટેલ નગરમાં કિચનવેરનું કારખાનું ધરાવતો હતો. અગાઉ તેના લગ્ન થયા બાદ છૂટાછેડા થઈ ગયા હતા. તે એકનો એક ભાઈ હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી પટેલ પરિવારમાં શોકની લાગણી છ્વાઈ જવા પામી છે.

# લેન્ડ ગ્રેબિંગના ગુનામાં આરોપીની ધરપકડ સામે હાઈકોર્ટનો સ્ટે

## રાતરાણી એપાર્ટમેન્ટનો ફ્લેટ પચાવી પાડયાની ફરિયાદ રદ કરવા ક્વોસિંગ પિટિશન દાખલ થઈ હતી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં રાતરાણી એપાર્ટમેન્ટમાં ફલેટ નં. ૩૦૨ નો કબજો દમયંતીબેન નવીનભાઈ મહેતા અને દિનેશભાઈ નવીનભાઈ મહેતા ગેરકાયદેસર રીતે વર્ષ ૨૦૧૩ થી ધરાવતા હોવાની ફરિયાદ દિપકભાઈ મગનભાઈ સાંગાણી દ્વારા માલવીયાનગર પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે ફરિયાદ સામે દિનેશભાઈ નવીનભાઈ મહેતાએ ફરિયાદ રદ કરવા હાઈકોર્ટમાં ક્વોસિંગ પિટિશન દાખલ કરવામાં આવી હતી. જે ચાલી જતા અરજદારના વકીલ દ્વારા રજુઆત કરવામાં આવી હતી કે વર્ષ ૨૦૦૫થી ફલેટના માલિક દમયંતીબેન નવીનભાઈ મહેતા હતા અને ૨૦૧૩ માં રૂપિયાની જરૂરિયાત ઉભી થતા માત્ર સીક્યુરીટી માટે જ દસ્તાવેજ દિપકભાઈ મગનભાઈ સાંગાણીને કરી આપવામાં આવેલ હતો. પરંતુ ફલેટનો કબજો ક્યારેય પણ આપવામાં આવેલ ન હતો અને દિપકભાઈ મગનભાઈ સાંગાણી દ્વારા આપવામાં આવેલ રકમ પરત આપવાનું જણાવતા તેમણે રકમ સ્વીકારવાની ના પાડેલી અને તે અનુસંધાને હાલની ફરિયાદ કરેલ છે તે રજુઆતો ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટના જસ્ટીશ દિવ્યેશ એ. જોષી દ્વારા અરજદારની ધરપકડ સામે સ્ટે આપેલ છે. આ કેસમાં અમદાવાદના સીનીયર એડવોકેટ હર્ષીતભાઈ ટોલીયા, લો સ્ટુડન્ટ હર્ષવી ટોલીયા, રાજકોટના દફતરી લો ચેમ્બર્સના ધારાશાસ્ત્રી પથીકભાઈ દફતરી, ભાવિન દફતરી, નુપુરબેન દફતરી, નેહાબેન દફતરી, યુવરાજસિંહ જાડેજા, સંજયસિંહ જાડેજા, પરેશ કુકાવા, નીશાબેન સુદ્દા અને શીવાંગી મજીઠીયા રોકાયા હતા.

# મોરબી, ભાવનગર, દ્વારકા સહિત ગુજરાતના ૧૮ જિલ્લાઓમાં આજે સાંજે મોકડ્રીલ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભારત-પાકિસ્તાન પર એર સ્ટ્રાઇક કરી દીધી છે તે પૂર્વે ગઇકાલે સરકારે જાહેર કર્યા મુજબ આજે સૌરાષ્ટ્રના અડધો ડઝન સહિ રાજયના ૧૮ જિલ્લા-વિસ્તારોમાં સિવિલ ડિફેન્સ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે.

જેના પગલે સાંજે ૪ વાગ્યે મોકડ્રીલ શરૂ થશે અને સાઇરન વાગશે તો રાત્રે ૮ વાગ્યે યુધ્ધ જેવી સ્થિતિ થાય તો તે પૂર્વે રીહર્સલ રૂપે બ્લેક આઉટ કરવામાં આવશે.

લોકોને સતર્ક રહેવા અને જરૂર પડયે સલામત સ્થળે જવાનો અનુભવ પણ થશે. જોકે રાજકોટ જિલ્લાનો આ મોકડ્રીલમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. સૌરાષ્ટ્રના જામનગર,

## રાત્રે યોજાશે બ્લેક આઉટ: લોકોને ઘરના વીજ ઉપકરણો પણ બંધ રાખવા તંત્રની અપીલ

ભાવનગર, મોરબી, દ્વારકા, કચ્છ ઉપરાંત સરહદી કંડલા, નલીયા ખાતે પણ મોકડ્રીલ રાખવામાં આવી છે.

મોરબી જિલ્લામાં મોટો દરિયાઈ વિસ્તાર લાગુ પડે છે અને ખાસ કરીને પાકિસ્તાનથી કચ્છ પછી તુરતજ મોરબી જિલ્લો આવે છે જેથી મોરબીમાં આજે બપોરે ૪ વાગ્યે જિલ્લાના કોઈ એક વિસ્તારમાં મોકડ્રીલ યોજાવાની છે.

ત્યારબાદ રાત્રિના પોણા આઠથી સવા આઠ વાગ્યા સુધી બ્લેક આઉટ રહેશે જેમાં મોરબી જિલ્લાના નગરજનોને સહકાર આપવા માટે કલેક્ટર દ્વારા અપીલ કરવામાં આવી છે.

કલેક્ટર કે.બી. ઝવેરીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, સંભવિત યુદ્ધની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મોરબી જિલ્લામાં આજે ચારેક વાગ્યાના અરસામાં કોઈ એક જગ્યા ઉપર યુદ્ધની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યંર છે તેની સાથોસાથ રાત્રિના પોણા આઠથી સવા આઠ વાગ્યાના સમયગાળા સુધી બ્લેક આઉટ (અંધારપટ) રાખવામાં આવશે.

જેમાં મોરબી જિલ્લાના તમામ નગરજનોએ પોતાના તમામ ઈલેક્ટ્રીક ઉપકરણો બંધ રાખીને સમગ્ર જિલ્લાની અંદર અંધારપટ રહે તે માટે સહકાર આપે તેવી કલેક્ટર દ્વારા અપીલ કરવામાં આવી છે.

જિલ્લા લોકોએ કોઈ પણ પ્રકારની અફવાઓમાં આવવાના બદલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જે સૂચનાઓ આપવામાં આવે અથવા તો કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી જે માર્ગદર્શન અને સૂચના આપવામાં આવે તેને ધ્યાને લેવી અને જિલ્લાના દરેક લોકો મોકડ્રીલ અને બ્લેક આઉટમાં સહકાર આપે તેવી કલેક્ટરે દ્વારા અપીલ કરવામાં આવેલ છે.

જિલ્લા કલેક્ટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં તેમણે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આકસ્મિક સ્થિતિમાં યુધ્ધ, હવાઇ હુમલા જેવી સ્થિતિમાં પહોંચી વળવા માટે આજે સાંજે ૪ થી ૮ દરમિયાન મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જિલ્લાની સ્ટ્રીટ લાઇટ્સ, આઉટડોર ડિસ્પ્લે બોર્ડસ, હોર્ડિંગ્સ, દુકાનો શોરૂમ્સની નિયોન સાઈન લાઇટ્સ, ટ્રાફિક સિગ્નલો, ઈન્ડસ્ટ્રીઝની લાઈટ્સ, ઘરની લાઈટ્સ બંધ રહેશે.

લોકોએ ઘરના બલ્બ, ટ્યૂબલાઈટ્સ સ્વયંભૂ બંધ રાખે તેવી અપીલ કરવામાં આવી હતી. જે અંતર્ગત જિલ્લાના તમામ તાલુકા, નગરપાલિકા, ગ્રામ્ય વિસ્તારો અને શહેરી વિસ્તારોને આ બાબતે નાગરિકોને સમજૂત કરવામાં આવનાર છે.

આ ઉપરાંત આજે સાંજે ૭:૪૫ કલાકથી ૩૦ મિનીટ સુધી બ્લેક આઉટ (અંધારપટ) કરવામાં આવશે. બ્લેક આઉટ દરમિયાન ઘરો, ઓફિસો અને વાહનોમાં તમામ લાઇટ બંધ કરો અથવા ઢાંકી દો. પ્રકાશ લીકેજ અટકાવવા માટે બ્લેકઆઉટ પડદા અથવા ભારે કાપડનો ઉપયોગ કરો. બારીઓ પાસે મોબાઇલ ફોન અથવા ફ્લેશલાઇટનો ઉપયોગ કરવાનું ટાળવાનું પણ જણાવવામાં આવ્યું છે.

ભાવનગર જિલ્લામાં આજ રોજ થનાર બ્લેક આઉટ અંગે કલેકટર કચેરીના વિડિયો કોન્ફરન્સ હોલ ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં જિલ્લા કલેકટર ડો. મનીષ કુમાર બંસલએ જણાવ્યું હતું કે સીવિલ ડિફેન્સના ભાગરૂપે એટલે કે સામાન્ય નાગરિકોમાં યુદ્ધની પરિસ્ર્થિતિ અંગે જાગૃતિ કેળવવા હેતુથી બ્લેક આઉટ કરવામાં આવશે. આજે રાત્રે ૭:૪૫ થી ૮:૧૫ વાગ્યા સુધી બ્લેક આઉટ એટલે કે અંધારપટ, જેમાં દરેક વ્યક્તિઓએ પોતાના ઘરે ઇલેક્ટ્રિક લાઈટના ઉપકરણો બંધ કરવાના રહેશે. સાંજે ૭:૪૫ વાગ્યે બે મિનિટ સુધી સાયરન વગાડવામાં આવશે ત્યારે ઇલેક્ટ્રિક લાઈટના ઉપકરણો બંધ કરવાના તેમજ ૮.૧૫ વાગ્યે એક મિનિટ સાયરન વાગશે ત્યારે ઇલેક્ટ્રિક લાઈટ ફરી શરૂ કરવાની રહેશે.

બ્લેક આઉટ કોર્પોરેશન વિસ્તાર, નગરપાલિકા વિસ્તાર અને ભાવનગર જિલ્લાના ગામડાઓમાં કરવાનો રહેશે.સાંજે ૪ વાગ્યે જિલ્લાના કોઈ એક સ્થળ પર મોકડ્રિલ કરવામાં આવશે. જિલ્લા કલેકટરે અપીલ કરી છે કે કોઈ ઈમરજન્સી કામ વગર રાત્રે ૭.૪૫ થી ૮.૧૫ વાગ્યા સુધી એટલે કે અડધો કલાક વાહન લઈને બહાર નીકળવાનું ટાળવું.